જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૨-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભારતને ઝટકો,મેહુલ ચોક્સીએ એન્ટીગુઆ હાઈ કમિશનમાં પોતાનો પાસપોર્ટ જમા કરાવ્યો

પીએનબી કૌભાંડના આરોપી મેહુલ ચોક્સીએ ભારતીય નાગરિકતા છોડી

નાગરિકતા છોડતાં ભારતના પ્રત્યાર્પણના પ્રયાસોને ઝાટકો,ચોક્સીએ પોતાનું નવુ સરનામું લખાવ્યુ-જોલી હાર્બર સેન્ટ માર્કસ,એન્ટીગુઆ

ન્યુ દિલ્હી

પંજાબ નેશનલ બેંક કૌભાંડના આરોપી મેહુલ ચોક્સીને ભારત લાવવાના પ્રયાસોને મોટો ઝાટકો વાગ્યો છે. મેહુલ ચોક્સીએ પોતાનો ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરી દીધો છે અને પોતાને એન્ટીગુઆનો નાગરિક દર્શાવ્યો છે. આનો અર્થ એ કે મેહુલ ચોક્સીએ ભારતીય નાગરિકતા ત્યાગી દીધી છે. મેહુલ ચોક્સીએ એન્ટીગુઆ હાઈ કમિશનમાં પોતાનો પાસપોર્ટ જમા કરાવી દીધો છે.



PNB કોભાંડના મુખ્ય આરોપી મેહુલ ચોક્સીએ પાસપોર્ટ નં. Z ૩૩૯૬૭૩૨ જમા કરાવ્યો છે. ભારતીય નાગરિકતા કેન્સલ કરવા મેહુલ ચોક્સીએ ૧૭૭ યૂએસ ડોલરનો ડ્રાફ્ટ પણ જમા કરાવ્યો છે. નાગરિકતા છોડવા માટેના ફોર્મમાં ચોક્સીએ પોતાનું નવું સરનામું લખાવ્યું છે – જોલી હાર્બર સેન્ટ માર્કસ, એન્ટીગુઆ.

આ અંગે વિદેશ ખાતાના સંયુક્ત સચિવ અમિત નારંગે ગૃહખાતાને જાણકારી આપી હતી. ચોક્સીએ ભારતીય હાઈ કમિશનને કહ્યું કે તેણે નિયમો અંતર્ગત એન્ટીગુઆની નાગરિકતા લેતા ભારતની નાગરિકતા છોડી દીધી છે. ચોક્સીએ ૨૦૧૭માં જ એન્ટીગુઆની નાગરિકતા લઈ લીધી હતી.

ચોક્સીના વકીલોનું માનવું છે કે આમ કરવાથી ભારત દ્વારા ચોક્સીના પ્રત્યાર્પણના પ્રયાસોને મોટો ઝાટકો વાગ્યો છે. મેહુલ ચોક્સી વિરુદ્ધ ઈન્ટરપોલે નોટિસ જાહેર કરી છે. ભારતની એજન્સીઓ લગાતાર તેની શોધમાં લાગી છે. જોકે જાણકારોના મતે ચોક્સીનું ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરવું પણ કામ નહીં લાગે કારણ કે તેણે જે ગુનો આચર્યો છે એ ભારતની ધરતી ઉપર આચર્યો છે. એ સંજોગોમાં તેના ઉપર કાર્યવાહી થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના PNB કૌભાંડમાં મેહુલ ચોક્સી મુખ્ય આરોપીઓમાંનો એક છે. ચોક્સીનો સંબંધી નીરવ મોદી આ મામલામાં મુખ્ય આરોપી છે.

દેશના મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણ બદલાતા મુશ્કેલી

દિલ્હી-NCRમાં વરસાદ જ્યારે હિમાચલ, કાશ્મીરમાં હિમવર્ષા

હિમાચલપ્રદેશ તેમજ કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં ભારે હિમ વર્ષાથી ચારેબાજુ બરફની ચાદર છવાઈ : તીવ્ર ઠંડીનું મોજુ : ટ્રેન-વિમાની સેવા ઠપ

નવી દિલ્હી

દિલ્હી અને એનસીઆર સહિત ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી, વરસાદ અને વાવાઝોડાના પરિણામ સ્વરૂપે જનજીવન ખોરવાઈ ગયું છે. એકબાજુ દિલ્હી અને એનસીઆર વિસ્તારમાં વરસાદ થયો છે. જ્યારે હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા થતા જનજીવન ઠપ થઈ ગયું છે. મેદાની ભાગોમાં પણ પારો ખૂબ નીચે પહોંચી ગયો છે. પંજાબના ગુરૂદાસપુરમાં ૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢ, પંજાબ અને હરિયાણાના પાટનગરને લઈને તીવ્ર ઠંડી જોવા મળી રહી છે. અહીં સામાન્ય કરતા ઓછું તાપમાન નોંધાયું છે. પંજાબના અમૃતસર, લુધિયાણા અને પટીયાલામાં પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ પઠાણકોટ, આદમપુર સહિતના વિસ્તારોમાં પણ તીવ્ર ઠંડી જોવા મળી રહી છે. કેટલાક વિસ્તારમાં લઘુત્તમ તાપમાનમાં વધારો પણ થયો છે. પંજાબ અને હરિયાણામાં વ્યાપક વરસાદ થયો છે. ઉત્તર ભારતના જુદા જુદા ભાગોમાં આજે સાંજે હિમવર્ષા, વરસાદ અને તોફાનનું વાતાવરણ રહ્યું હતું. આગ્રા, મથુરા, બુલંદશહેરમાં વરસાદ થયો હતો. દિલ્હી એનસીઆરમાં વરસાદ અને બીજી બાજુ હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા થઈ છે. ખરાબ હવામાન અને ધુમ્મસના પરિણામ સ્વરૂપે જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે. ખરાબ હવામાનના લીધે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચાર ફ્લાઈટો રદ કરાઈ છે. ૧૧ ફ્લાઈટોમાં વિલંબ થયો છે. ખરાબ હવામાનના લીધે ૨૭ ફ્લાઈટો પૈકી ચાર રદ કરવામાં આવી છે. અન્ય ૧૧ ફ્લાઈટોમાં વિલંબ થયો છે.

હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ફરી ભારે હિમવર્ષા થઈ છે. તમામ જગ્યાઓએ માઈનસમાં તાપમાન પહોંચી ગયું છે. કાલપા, કેલોંગ, લાહોલ, સ્પિતીમાં હિમવર્ષા થઈ છે.

૩૦મીથી અન્ના અચોક્કસ મુદતની ભુખ હડતાલ પર

નવી દિલ્હી

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અન્ના હજારેએ આજે ભ્રષ્ટાચાર વિરોધી કાયદાને લાગુ કરવા અને ખેડુતો સાથે જોડાયેલી માંગોને લઈને ૩૦મી જાન્યુઆરીથી અચોક્કસ મુદતની ભુખ હડતાલની જાહેરાત કરી હતી. હજારેએ કહ્યું હતું કે જો લોકપાલની રચના થઈ હોત તો રાફેલ કૌભાંડ થયું ન હોત. તેમણે કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના આદેશ છતાં લોકપાલ અને લોકાયુક્ત ૨૦૧૩ને અમલી કરવામાં કેન્દ્ર સરકાર સફળ રહ્યું નથી. કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતા અન્ના હજારેએ કહ્યું હતું કે દેશ પર તાનાશાહીની તરફ જવાનો ખતરો તોળાઈ રહ્યો છે. છેલ્લા આઠ વર્ષના ગાળામાં લોકપાલની માંગને લઈને અન્ના હજારે ત્રીજી વખત ભુખ હડતાલ ઉપર જઈ રહ્યા છે. સિવિલ સોસાયટીની સભ્યો તથા વિવિધ જુથોનું નેતૃત્વ કરીને એપ્રિલ ૨૦૧૧માં પ્રથમ વખત રામલીલા મેદાન પર અચોક્કસ મુદતની ભુખ હડતાલ યોજવામાં આવી હતી. હજારેએ પત્રકાર સંમેલનમાં કહ્યું હતું કે જો લોકપાલની સ્થિતિ રહી હોત તો રાફેલ જેવું કૌભાંડ થયું ન હોત. રાફે સાથે જોડાયેલા કાગળોને લઈને પણ વાત કરી હતી. બે દિવસ આ કાગળોને લઈને અભ્યાકર્યા બાદ પત્રકાર પરિષદનું આયોજન કરશે. અન્નાએ કહ્યું હતું કે તેમને એ વાત સમજાઈ રહી નથ કે સમજૂતીથ એક મહિના પહેલા બનાવવામાં આવેલી કંપનીને આમાં ભાગીદાર કંપની કઈ રીતે બનાવી શકાય છે. ૩૦મી જાન્યુઆરીના દિવસે તેઓ પોતાના વતન ગામ રાલેગણસિધ્ધીમાં ભૂખ હડતાલ કરશે. સરકાર દ્વારા માંગ પુરી કરવામાં ન આવે ત્યાં સુધી ભુખ હડતાલ જારી રાખશે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકલ્પ્ટા દ્વારા મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૨૫૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૨૫૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

અપર એર સાયક્લોનિક સરક્યુલેશનથી રાજ્યનાં વાતાવરણમાં પલટો

દ્વારકા-કચ્છમાં કમોસમી વરસાદ, ખેડૂતોમાં શિયાળુ પાકને નુકસાનની ભીતિ

દ્વારકા-કચ્છ-પોરબંદર

ભરશિયાળે દ્વારકા, કચ્છ અને પોરબંદરના વાતાવરણમાં પલટો આવ્યો છે. અપર એર સાયક્લોનિક સરક્યુલેશનના કારણે ગુજરાત પર વાતાવરણના પલટાની અસર જોવા મળી રહી છે. જેના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ થયો છે. કમોસમી વરસાદના કારણે શિયાળુ પાકને નુકસાન થવાની સંભાવના છે. દ્વારકામાં સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. દ્વારકા, મીઠાપુર, ઓખા, ભાટીયા સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસતા રસ્તા



પર પાણી ફરી વળ્યું હતું. જેને પગલે પાકમાં નુકસાનની આશંકા સેવાઈ રહી છે. ગાંધીધામ બાદ પૂર્વ કચ્છના અન્ય વિસ્તારમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. અંજાર અને ભચાઉ સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હતા. કમોસમી વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. પોરબંદરમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળતા કમોસમી વરસાદ પડ્યો હતો. એક બાજુ શિયાળાની ઋતુ ચાલી રહી છે. ત્યારે કમોસમી વરસાદ વરસતા શીત લહેર ફરી વળી હોય તેવો અહેસાસ લોકોએ કર્યો હતો. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ખેડૂતોએ વાવેલા જીરા, ચણા અને ઘઉંના પાકને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

હળવદ પંથકમાં કમોસમી વરસાદના અમી છાંટણા પાકને માવઠાથી જીરાના પાકને મોટું નુકસાન થવાની સંભાવના

હળવદ માં સાંજે હવામાનમાં અચાનક પલટો : હળવું વરસાદી ઝાપટું પડ્યું : હવામાનમાં થયો ફેરફાર : ગ્રામ્ય પંથકમાં અનેક સ્થળે છાંટા પડ્યા

હળવદ પંથકમાં આજે સાંજે એકાએક વાતાવરણમાં પલટો આવતા શહેર તથા ગ્રામ્ય પંથકમાં એક સાથે ત્રણ લોકોએ કર્યો હતો વહેલી સવારે ઠંડી બપોરે ગરમી અને સાંજના સમયે ચોમાસાની સાંજના સમયે એકાએક હવામાનમાં પલટો આવતા પવન ફૂંકાવાની સાથે સાથે પંથકમાં અમીછાંટણા થયા હતા જેથી હળવદ શહેર તથા ગ્રામ્ય પંથકના લોકોએ ૩ ઋતુનો મહેસુસ કર્યો હતો ખેડૂતોને પડીયા ઉપર પાટું મારવા જેવો ઘાટ સર્જાયો છે ખેડૂતોને જીરા ના પાક અને એરંડાના પાકને નુકસાન થવાની ભીતિ વર્તાઈ રહી છે ખેડૂતો ચિંતાતુર બની ગયા છે કમોસમી વરસાદ પડતા ખેડૂતોને પડયા પર પાટું મારવા જેવો ઘાટ સજાયો છે.

બહુચરાજીમાં માતાજીને અર્પણ કરેલા ફૂલોમાંથી ખાતર બનાવાશે

બહુચરાજી

બહુચરાજી ધામમાં આદ્યશક્તિ માં બહુચરાજી સાક્ષાત બિરાજમાન છે. કોઈપણ શ્રદ્ધાળુ ભક્ત માતાજીના પાળે જે માનતા માને છે તેને માં બહુચરા અચૂક પૂરી કરે છે. લાખો શ્રદ્ધાળુઓના કામ અને તેમની મનોકામના માતાજી પૂરી કરે છે. અને એટલે જ બહુચરાજીના બહુચરમાંના આંગણે લાખો શ્રદ્ધાળુઓ આવે છે. અને માતાજીને પુષ્પના હાર સહિત પ્રસાદી અર્પણ કરે છે.

ત્યારે રોજ મોટી સંખ્યામાં મંદિરમાં આવતા ફૂલોના હારને લઈને મંદિર પ્રશાસન દ્વારા એક નવતર પ્રયોગ અપનાવવામાં આવ્યો છે જેમાં મંદિરમાં આવતા ફૂલોને ૧૦ દિવસની પ્રોસેસ કર્યા બાદ તેનું ખાતર બનાવવામાં આવશે. આ ખાતર જૈવિક તો હશે જ પરંતુ સાથે ખાતર જે ફૂલમાંથી બન્યા છે તેમાં માતાજીની શક્તિ જોડાયેલી હોવાથી ખેતરમાં સોનેરી પાક ઉગશે તેવું મંદિરના વહીવટદારે જણાવ્યું હતું.

આજે ૨૧મી સદીમાં અનેક ખાતર જમીનમાં ભળી રહ્યા છે. પાકને જીવંત દાન મળે છે પરંતુ પોષણ મળતું નથી અને આજે ખાતરના કારણે જમીન ખેડૂતોની નષ્ટ થઈ રહી છે, તેવામાં માં બહુચરાજી મંદિર દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવા માં આવ્યો છે જેમાં આસ્થાના પ્રતીકસમા મંદિમાં બહુચરાજીને ભક્તો દ્વારા શ્રદ્ધાથી ચઢાવવામાં આવતા ફૂલોનો સદઉપયોગ કરવામાં આવશે.

મંદિરમાં આવતા ફૂલોને મશીનમાં નાખ્યા બાદ જૈવિક ખાતરમાં નાખવામાં આવતા મિનરલ્સ અને વિટામિન સહીત સુગંધનો ઉમેરો કરીને તે ફૂલોનું ખાતર બનાવવામાં આવશે. આ ખાતર મંદિર પરિસરના ભેટ કેન્દ્ર પર નજીવી કિંમતે વહેંચાણ કરવામાં આવશે.

અમરેલી અને બનાસકાંઠામાં બે ગંભીર અકસ્માતની ઘટના ઘટી

ટ્રક-કાર અને રિક્ષા-ટ્રેલર વચ્ચે અકસ્માતમાં ૭ના મોત

અમરેલી-બનાસકાંઠા

સોમવારે દિવસની શરૂઆત જ અકસ્માતથી થઈ. રાજ્યમાં બે ગંભીર અકસ્માત સર્જાયા છે. એક અકસ્માત અમરેલીમાં થયો છે જેમા ૩ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે બીજો અકસ્માત બનાસકાંઠામાં સર્જાયો છે જેમા એક જ પરિવારના ૪ લોકોના મોત નિપજ્યા છે.

અમરેલીના લાઠી બાયપાસ રોડ પર ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ ૩ લોકોનાં મોત થયા હતા અને એક ૧ વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માત ટ્રક અને કાર વચ્ચે સર્જાયો હતો. ૧૦૮ મારફત ઘાયલને અમરેલી સિવિલ હોસ્પિટલે સારવાર અર્થે ખસેડાયો છે. અકસ્માત એટલો ગંભીર હતો કે, મૃતકોને રેસ્ક્યુ કરી જેસીબીની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતાં. સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં થયેલા એક ગોઝારા અકસ્માતમાં ૪ લોકોનાં કરૂણ મોત થયાં છે. કુચવાડા પાસે ટ્રેલર અને રિક્ષા અથડાયા હતા. જેમા રિક્ષામાં સવાર ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટનાની જાણ થતા જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. રિક્ષામાં સવાર ઠાકોર પરિવારના સભ્યો વિઠોદર આગ માતાના દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે તેમને આ અકસ્માત નડ્યો હતો. મૃતક ઠાકોર પરિવાર મૂળે બનાસકાંઠાના દાંતીવાડાનો હતો અને તેઓ અમદાવાદ રહેતા હતા.

અંબાજીમાં માતાજીને હાથી પર બેસાડી નગરચર્યા, ૫૬ શાકભાજીનો ભોગ ધરાવાયો

અંબાજી

પોષ સુદ પૂનમ એટલે માતાજીનો પ્રગટ્ય દિવસ. આ દિવસનું યાત્રાધામ અંબાજીમાં વિશેષ મહત્વ હોય છે. જેના ભાગ રૂપે અંબાજી મંદિર ટ્રસ્ટ તેમજ ધાર્મિક સેવા સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા. સોમવારે મંદિર ખાતેથી માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સૌ પ્રથમ આરતી ઉતારી હાથી ઉપર બેસાડી માતાજીને નગરચર્યા કરાવવામાં આવી હતી.

આ શોભાયાત્રામાં એક હાથી ,૪ ઊંટ અને ૬ ઘોડા સાથે ફૂલ વર્ષાની તોપ ,રાજસ્થાની નૃત્ય ,આદિવાસી નૃત્ય ,અખાડા ની કરતબો ,૫૧ શક્તિપીઠ નો ટ્રિપ્લોક ,વ્યશન મુક્તિ રથ , સમશીવ નો ટેબ્લોટ ,માતાજી નો રથ ,આનંદ ગરબા પરિવાર ,લાઈવ ડીજે ,નાસિક ઢોલ મળી ને કુલ ૩૦ જેટલી ઝાંખીઓ આ શોભાયાત્રા માં જોડાઈ હતી. આ સાથે અંબાજી મંદિરમાં બપોરે અન્નકૂટનો ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ રથયાત્રાને જોવા મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. આ શોભાયાત્રા અંબાજીમાં છેલ્લા ૨૬ વર્ષથી નીકળે છે.

અંબાજીના બજારોમાં ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે અંબાજીમાં હવન આહુતિ સ્ટોલ ઉભો કરાયો છે, જેમાં માઈ ભક્તો પોતાના હાથે આહુતિ આપી માં અંબાને પોતાની ભક્તિનો પરિચય આપી રહ્યા છે. અંબાજીમાં આ શોભાયાત્રા આખા અંબાજીધામમાં ફરી સાંજે નિજ મંદિર પર પરત ફરશે. અંબાજીની શોભાયાત્રામાં ચારેબાજુ એ સેવા કેમ્પો પણ જોવા મળી રહ્યા છે. અંબાજી મંદિરથી આ શોભાયાત્રા ગબ્બરથી અખંડ જ્યોત લાવી અંબાજીના નગરમાં નીકળી હતી. આ શોભાયાત્રા માં ૨૦૦૦ કિલો સુખડીનો પ્રસાદ માઈ ભક્તો ને આપવામાં આવ્યો. ૫૬ જાત ના વિવિધ શાકભાજી નો ભોગ માતાજી ને ધરાવવામાં આવ્યો હતો

જય માઁ ખોડલનાં નાદ સાથે ગુંજી ઉઠ્યું ખોડલધામ

ગુજરાતના વિકાસમાં લેઉવા પટેલ સમાજનો ફાળો : સીએમ રૂપાણી

રાજકોટ

ખોડલધામ દ્વારા રાજકોટથી કાગવડ સુધીની ૬૦ કિમી લાંબી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટથી પદયાત્રીઓએ કાગવડ જવા પ્રસ્થાન કર્યું હતું. સોમવારે એટલે ૨૧મી જાન્યુઆરીએ ખોડલધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૨ વર્ષ પૂર્ણ થતાં ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

ધ્વજારોહણ,મહાઆરતી, રંગોળી સ્પર્ધા, કન્વીનરોની બેઠક તથા પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. તેમજ સમાજનાં લાભાર્થે વિવિધ પ્રકારના સંકલ્પો લેવામાં આવ્યા હતાં આ પ્રસંગે મુખ્યપ્રધાન વિજય રૂપાણી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. અહીં મુખ્યપ્રધાને સભાને સંબોધન કર્યું હતું. આ ઉપરાત મુખ્યુપ્રધાન વિજય રૂપાણી ખોડલધામના કન્વિનરો સાથેની બેઠકમાં પણ હાજરી આપી.

ખોડલધામ પ્રાણપ્રતીષ્ઠા મહોત્સવમાં સીએમ રૂપાણીએ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, લેઉવા પટેલ સમાજ આગળ વધે તે સમાજની માંગ છે. સમાજ એક અને અખંડિત હશે તો કોઈ પાછળ નહીં રહે. ગુજરાતના વિકાસમાં લેઉવા પટેલ સમાજનો ફાળો છે. લેઉવા પટેલ સમાજ અગ્રેસર રહ્યો છે. જે વર્ગોને અનામત નથી તે વર્ગોને ૧૦ ટકા અનામત મળશે.

ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખ દ્વારા આ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખોડલધામ વિદ્યાર્થી સમિતિના હજારો યુવાનો જોડાયા છે.

માં ખોડલના ભક્તોને શાપર નજીકના પારડી ગામ ખાતે સરદાર યુવા ગ્રુપ દ્વારા આવકાર્ય સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં સરદાર યુવા ગ્રુપના સર્વે કાર્યકરો અગ્રણીઓ આગેવાનો સહિત ઘનશ્યામભાઈ ભુવા અને અશોકભાઈ ભુવા ધીરેનભાઈ સહિત દર્પણ ભાઈ પટેલ વિગેરે માં ખોડલના મહેમાનોને બહુમાન સાથે સ્વાગત કર્યું હતું.

પ્રજ્ઞાચક્ષુ ૨૫મો લગ્નોત્સવઃ સીએમ રુપાણીએ આપ્યું કન્યાદાન

સુરેન્દ્રનગર

મુખ્યપ્રધાન વિજય રુપાણીની ઉપસ્થિતિમાં મુક્તાબહેન ડગલી સંચાલિત સંસ્થામાં પ્રજ્ઞાચક્ષુ કન્યાઓનો ૨૫મો લગ્નોત્સવ યોજાયો હતો જેમાં આઠ નવદંપતીઓએ પ્રભુતાના પગલાં પાડ્યાં હતાં. સીએમ રુપાણીએ સ્વયં પ્રજ્ઞાચક્ષુ સરિતાબહેન જયસ્વાલનું કન્યાદાન પણ કર્યું હતું.આ પ્રસંગે સીએમ રુપાણીએ જણાવ્યું કે, સમાજની સામાજિક જવાબદારી અદા કરવી અને સમાજનાં સર્વાંગી ઉત્થાન માટે પ્રતિબદ્ધ બનવું સાચો નાગરિક ધર્મ છે. રાજય સરકાર સમાજનાં સર્વાંગી – સમરસ અને સમતોલ વિકાસ માટે પ્રતિબદ્ધ છે.વાયબ્રન્ટ સમીટની નોંધ આજે આખું વિશ્વ લઇ રહ્યુ છે તે મેગા ઈવેન્ટ પુરી થઈ અને આજે મારે આ કરૂણાસભર સંવદેનશીલ સમારોહમાં ઉપસ્થિત રહીને કન્યાનું દાન કરવાનું થયું તે મારા જીવન માટે સદાય મંગલ ઘડી છે અને મારા જીવનનું આ સુખદ સંભારણુ બની રહેવાનું છે.સીએમ સુરેન્દ્રનગરમાં સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ આયોજિત ૨૫માં લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે આ દીકરીઓનું કન્યાદાન પણ કર્યુ હતું.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, દિવ્યાંગ સંતાન દરેક કુટુંબ માટે હંમેશા ચિંતાનો વિષય હોય છે તેવા દરેક કુટંબોને આપણે હૂંફ આપીને તે સંતાન માત્ર કુંટુંબનુ જ નહીં પણ સમગ્ર સમાજનું છે તે રીતે તેને સમાજનાં મુખ્યધારામાં લાવવા આપણે સદાય પ્રયત્નશીલ રહેવું જોઈએ કારણ કે આ કાર્ય તો ઈશ્વરીય કાર્ય છે. રાજય સરકાર દિવ્યાંગના સર્વાગી ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ છે. તેમનાં અભ્યાસ માટે હોસ્ટેલ સુવિધા સહિતની વ્યવસ્થા ઉભી કરવા માટે રાજય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે. રાજય સરકારે સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે. મુખ્યપ્રધાને નવપરિણીત ૮ નવદંપતિઓને સુખી દાંપત્યજીવનની શુભકામના આપી હતી અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરી હતી. આ તકે સીએમ રૂપાણી તથા ઉપસ્થિત મહાનુભાવો તથા દાતાઓના હસ્તે સમાજને શ્રેષ્ઠ પ્રદાન કરનારાઓનું એવોર્ડ સન્માનપત્ર આપી ગૌરવપૂર્ણ સન્માન કર્યુ હતું

પાક નિષ્ફળ જવાની ભીતીએ વધુ એક ખેડૂતે આપઘાત કર્યો

દેવભૂમિ દ્વારકા

હવે માત્ર ખેડૂત જ નહિ ખેત મજૂરો પણ આર્થિક સંકડામણથી આત્મહત્યાનો માર્ગ અપનાવી રહ્યા છે, દેવભૂમિ દ્વારકામાં એક ખેત મજુરે આત્મહત્યાનું પગલું ભર્યુ હોવાનો બનાવ સામે આવ્યો છે.

દેવભૂમિ દ્વારકાનાં કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામના ૨૭ વર્ષીય ખેતમજૂરે પાક નિષ્ફળ જવાની ભીતીએ આત્મહત્યા કરી લીધી છે. આ તાલૂકાના ખેડૂતો પાક નિષ્ફળ જવાથી આર્થિક મૂંઝવણ અનુભવી રહ્યા છે. ત્યારે ખાસ કરીને ખેડૂતોમાં મુખ્ય આધાર ખેતી હોય પાક નિષ્ફળ જવાથી ચિંતા ફરી વળી છે, તેવામાં દેવભૂમિ દ્વારકાનાં આ ખેત મજુરે આત્મહત્યાનું પગલું ભર્યુ હોવાનો બનાવ સામે આવતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે,

દેવભૂમિ દ્વારકાનાં કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામના ૨૭ વર્ષીય ખેતમજૂરે પાક નિષ્ફળ જવાની ભીતીએ આત્મહત્યા કરી લીધી છે. આ ખેતમજૂરને પરિવારના ભરણપોષણની જવાબદારીની ચિંતા તેમને સતાવવા લાગી હતી, તેમણે ૬૦ વીઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યુ હતું. પરંતુ સમગ્ર વાવેતર નિષ્ફળ ગયુ હતું. પાક નિષ્ફળ જતા ખેડૂતે આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો હતો.

આમ નગડીયા ગામના આ ખેત મજુરના આપઘાત પાછળ ૬૦ વીઘા જમીનમાં વાવેલી મગફળીનો પાક નિષ્ફળ જતા આ પગલું ભર્યુ છે. સ્થાનિક પોલીસ આ મામલામાં વધુ તપાસ હાથ ધરી છે.

સોમનાથ મંદિરના ૧૫૦ કર્મચારીઓ માટે યુનિક ડ્રેસકોડ

સોમનાથ

વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિરે આગામી તા. ૨૩-૨૪-૨૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર બાર જ્યોર્તિલિંગ ટ્રસ્ટી, પૂજારી, સંચાલક સમ્મીટ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્રિદિવસીય યોજાનારા આ મહોત્સવમાં ત્રણે ત્રણ દિવસના અલગ રંગના સુરવાલ અને ઝભ્ભા પરિધાન સજ્જ હશે.

આ મહોત્સવ દરમિયાન કાર્યરત ૧૫૦ કર્મચારીઓ માટે ત્રણેય દિવસનો પરિવેશ ગોંડલની જાણીતી સંસ્થાને બનાવવાની કામગીરી સોંપાઈ ગઈ છે. જેમાં સફેદ રંગની સુરવાલ સાથે પીળો કેસરી અને આછેરો લીલા રંગનો ગણવેશ માટે બધાના માપ લેવાઈ ગયા છે. જેનુ સીલાઈ કામ ધમધમી રહ્યુ છે.

આ ડ્રેસ કોડ સંપૂર્ણ ખાદી, પરંપરાને અનુરૂપ, અને સ્વદેશી રોજગારી સાથે આવનાર મહેમાનો યાત્રિકોને દિવ્ય ભાસે એવો લૂક બનશે. પુજારી, પુજાચાર્ય, અને સહપુજારીઓ માટે આઈઆઈએફ ડી દ્વારા ફેશન ડીજાઈનથી બનેલા પીળા જભ્ભો, સફેદ ધોતી, અને ઉપવસ્ત્ર, સાથેનો ડ્રેસ કોડ કાર્યરત કરી દેવાયો છે. અને તેમાં પણ આ ભવ્ય પ્રસંગ, અને મંદિરના દરક્ષ્ણા અળખ માટે નવીતના લેવાય તેવી શકયતા છે.

ભાજપના મહામંત્રી દારૂની મહેફિલ માણતા ઝડપાયા

અમરેલી

વડીયા કુંકાવાવમાં ભાજપના મહામંત્રી ગોપાલ અટારા દારૂની મહેફિલ માણતા રંગે હાથ ઝડપાઈ ગયા છે. જેને લઈને ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે બાતમીના આધારે જેતલસર રલેવે અને વડીયામાં રેડ પાડી હતી. જે દરમિયાન ભાજપના મહામંત્રી ગોપાલ અટારા અને બેક મેનેજર સહિત ૬ લોકોને દારૂની મહેફિલ માણતા પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતાં. હાલ પોલીસે તમામ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલા આરોપીઓના નામઃ ગોપાલ ભાખાભાઈ અટારા (મહામંત્રી), રીકેશભાઈ હસમુખભાઈ સોલંકી (બેંક મેનેજર), ભરતભાઈ જીવરાજભાઈ મોતવાડીયા, ભીખુભાઈ પોપટભાઈ વસાણી, રજનીશભાઈ નાનજીભાઈ વસાણી, વસંતભાઈ બચુભાઈ સોરઠીયા.

કોંગ્રેસના આંતરિક વિખવાદ વચ્ચે રાજકોટ જિલ્લા પંચાયતનું બજેટ મંજૂર

રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતની સોમવારે સાધારણ સભા પ્રમુખ અલ્પાબેન ખાટરિયાની અધ્યક્ષ પદે મળી હતી. કોંગ્રેસમાં લાંબા સમયથી ચાલતા વિવાદો ચાલે છે અને કોંગ્રેસના અનેક સભ્યોને ગેરલાયક ઠરાવવા કાર્યવાહી ચાલે છે.

કોંગ્રેસે તેના પક્ષના વફાદાર અને અસંતુષ્ટ જૂથના સભ્યોને વ્હીપ આપ્યો હતો. વિવિધ પ્રશ્નોની ચર્ચા સાથે ચાલુ વર્ષનું ૨૨.૬ કરોડનું અને વર્ષ ૨૦૧૯-૨૦ નું ૩૩.૮૩ કરોડનું સ્વ ભંડોળનું બજેટ સર્વાનુમતે મંજૂર થયું હતું અને કોંગ્રેસે નિરાંતનો શ્વાસ લીધો હતો. કોંગ્રેસના સભ્યોએ ચાલુ વર્ષનું બજેટ માત્ર ૨૭% વપરાયો હોય તે સામે તથા અનેક કામો માટે ફંડ અને માંગણી છતાં ન કરવા અંગે રોષ વ્યક્ત કરાયો હતો.

શત્રુઘ્નસિંહા કોલકાતામાં મહાગઠબંધનની રેલીમાં સામેલ થયા હતા

ભાજપ સાંસદ શત્રુઘ્ન સિંહાની પાર્ટીમાંથી વિદાય નિશ્ચિત: કારણદર્શક નોટિસ ફટકારાશે

ન્યુ દિલ્હી

કોલકાતામાં શનિવારે યોજાયેલી મમતા બેનરજીની મહારેલીમાં શત્રુઘ્ન સિંહા જોશભેર સામેલ થયા હતા, પરંતુ રવિવારે જ ભાજપમાંથી તેમની વિદાયનો સંદેશો આવી ગયો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર બિહારીબાબુ શત્રુઘ્ન સિંહાની ભાજપમાંથી વિદાય હવે નિશ્ચિત છે. મમતા બેનરજીની મહારેલીમાં હાજર રહીને શત્રુઘ્ન સિંહાએ શિસ્તની લક્ષ્મણરેખા ઓળંગી હોવાને કારણે ભાજપમાં હવે તેમના દિવસો ગણાઈ રહ્યા છે એમ જણાવતાં સૂત્રોએ કહ્યું હતું કે શત્રુઘ્ન સિંહાની હકાલપટ્ટી કરવાની તૈયારી પક્ષે કરી લીધી છે. એકાદ-બે દિવસમાં જ બિહારીબાબુને કારણદર્શક નોટિસ આપવામાં આવશે અને જવાબ આવતા જ તેમની વિરુદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવશે.

શત્રુઘ્ન સિંહા પણ જાણે છે કે વિપક્ષના મંચ પરથી મોદી વિરુદ્ધ બોલવાનું પરિણામ શું આવી શકે છે. શત્રુઘ્ન એ પણ જાણે છે કે આ વખતે તેમણે સીધો જ ભાજપને પડકાર ફેંક્યો છે. શત્રુઘ્નએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સરમુખત્યાર અને પોતાને બગાવત કરનાર લેખાવ્યા હતા.

માનવામાં આવે છે કે પક્ષપ્રમુખ અમિત શાહ બીમારીમાંથી ઊભા થાય એ પછી ભાજપ કોઈ મોટો નિર્ણય લઈ શકે છે. આ તમામ વિવાદ વચ્ચે ઝારખંડ સરકારમાં પ્રધાન અને ભાજપના નેતા સી. પી. સિંહે શત્રુઘ્ન સિંહાને દગાબાજ લેખાવી દીધા છે.

કોલકતામાં શનિવારે યોજાયેલી મમતા બેનરજીની મહારેલીમાં શત્રુઘ્ન સિંહાએ રાફેલ, નોટબંધી અને જીએસટી મુદ્દે સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને સાથેસાથે રાહુલ ગાંધીની પ્રશંસા પણ કરી હતી.

ભાજપની ઈચ્છા રામ મંદિર બનાવવાની નથી: અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગિરી

લખનૌ

૨૦૧૯ની શરૂઆત થતા જ સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓ તેજ થઈ રહી છે. એક તરફ લોકસભા ચૂંટણી છે તો બીજી તરફ તમામ સાધુ, સંત અને રાજનેતા ભાજપને રામ મંદિર મુદ્દે ઘેરવામાં લાગી ગયા છે. કુંભમાં રામ મંદિરનો મુદ્દો ચર્ચાનો વિષય છે. અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગિરીએ કહ્યુ કે ભાજપની ઈચ્છા રામ મંદિર બનાવવાની નથી.

તેમણે કહ્યુ કે કુંભ મેળાની સમાપ્તિ બાદ અમે નિર્ણય કર્યો છે કે તમામ સંત અયોધ્યામાં મળશે અને રામ મંદિરનુ નિર્માણ શરૂ કરશે. નરેન્દ્ર ગિરીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યુ કે ભાજપ રામ મંદિરના નિર્માણમાં રસ એટલે નથી લઈ રહીં કેમ કે તે આ મુદ્દાને તમામ ચૂંટણી માટે જીવિત રાખવા ઈચ્છી રહી છે.

અયોધ્યામાં રામ મંદિર નિર્માણને લઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બાદ હવે વિશ્વ હિંદુ પરિષદે પણ મોદી સરકાર વિરુદ્ધ ખુલીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. VHPએ કહ્યુ હતુ કે મોદી સરકારના કાર્યકાળમાં મંદિર નિર્માણનું કામ શરૂ કરવાની કોઈ આશા બચી નથી.

પશ્ચિમ બંગાળની વાઘણે મોદી-શાહને પરેશાન કરી દીધા: શિવસેના

મુંબઈ

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની રેલીમાં દેશભરના વિપક્ષની એક જૂથતાને લઈને શિવસેનાએ મોદી-શાહ પર નિશાન તાક્યુ છે. શિવસેનાના મુખપત્ર સામનામાં લખ્યું છે કે, પશ્ચિમ બંગાળની વાઘણે મોદી શાહને પરેશાન કરી દીધા છે. કોલકત્તામાં ૨૨ પક્ષોની એક સાથે સભા થઈ. આ સભામાં શત્રુઘ્ન સિન્હા પણ સામેલ થયા છે. સામનામાં લખ્યું છે કે, મમતા બેનર્જીના મંચ પર સેક્યુલરવાદીઓની હુંકાર હતી. પરંતુ અમે ઢોંગી સેક્યુલરવાદીઓ નથી. પ્રખર હિન્દુત્વવાદી છે. પીએમ મોદીએ મહાગઠબંધનમાં સામેલ લોકોને જનવિરોધી, દેશવિરોધી ગણાવ્યા હતા.તેના પર પ્રહાર કરતા સામનામાં લખવામાં આવ્યુ છે કે, નરેન્દ્ર મોદીએ વિરોધીઓને જનવિરોધી, દેશ વિરોધી કરીને મજાક ન કરવી જોઈએ. કારણ કે એક સમયે મમતા બેનર્જી વાજપેયી સરકારમાં પ્રધાન હતા. માયાવતીએ ભાજપને સાથ આપ્યો. તે સમયે તેઓ દેશ વિરોધી કે ચોર નહી. પરંતુ આજે દેશના દુશ્મન ગણાવવામાં આવે. પોતાની સરકાર અમર છે. તે ભ્રમ પણ ન રાખવો જોઈએ. તેમણે મમતાની રેલીમાં એકજૂથમાં વિરોધી વિરોધી નારાથી કેમ ફફડાટ થઈ તેવો સવાલ પણ કર્યો છે.

જળવાયુ પરિવર્તન મંત્રાલયના રિપોર્ટમાં ખુલાસો થયો

ભારત ૨૦૫૦ સુધીમાં ફળ,શાકભાજી સિવાય દૂધ માટે પણ તરસ્યુ થઈ જશે..!!

કપાસનું ઉત્પાદન કયાંક વધશે તો કયાંક ઘટશે,ગ્લોબલ વોર્મિંગના કારણે રાજસ્થાન, તમિલનાડુ, પ.બંગાળમાં ભીષણ ગરમી પડશે

ન્યુ દિલ્હી

કલાયમેટ ચેન્જના લીધે ભરત જો આજે પણ સજાગ ના થયું તો આવનારો સમય મોંઘો સાબિત થઈ શકે છે. ભારત ૨૦૫૦ સુધીમાં ફળ-શાકભાજી સિવાય દૂધ માટે પણ તરસ્યું થઈ જશે. આ વાત પર્યાવરણ, વન અન જળવાયુ પરિવર્તન મંત્રાલયના રિપોર્ટમાં સામે આવી છે. જેને ભાજપ સાંસદ મુરલી મનોહર જોશીની અધ્યક્ષતાવાળી સમિતિએ સંસદમાં રજૂ કર્યો છે. રિપોર્ટમાં કહ્યું છે કે દૂધના ઉત્પાદનને લઈ જો ધ્યાનમાં રખાશે નહીં તો તેની અસર ૨૦૨૦ સુધીમાં દેખાવા લાગશે. દૂધના ઉત્પાદનમાં ૧.૬ મેટ્રિક ટનનો ઘટાડો આવી શકે છે. આ સિવાય ચોખા સહિત કેટલીય વસ્તુઓના ઉત્પાદનમાં ઘટાડો અને ખેડૂતોની આજીવિકા પર તેની અસર પડશે. કલાયમેટ ચેન્જની સીધી અસર પાક પર પણ પડશે. ૨૦૨૦ સુધીમાં ચોખાના ઉત્પાદનમાં ૪થી ૬ ટકા, બટાકામાં ૧૧, મકાઈમાં ૧૮, સરસવમાં ૨ ટકાનો ઘટાડો આવી શકે છે. જ્યારે સૌથી ખરાબ અસર ઘઉંના પાક પર પડશે. અંદાજ છે કે ઘઉંનું ઉત્પાદન ૬૦ લાખ ટન સુધી ઘટશે.

રિપોર્ટના મતે દૂધના ઉત્પાદનમાં સૌથી વધુ ઘટાડો ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં જોવા મળશે. ગ્લોબલ વોર્મિંગના લીધે આ રાજ્યોમાં ગરમી વધશે. આથી પાણીની અછત સર્જાતા તેની અસર પશુ ઉત્પાદકતા પર પડશે.

સફરજનના બાગ પર પણ કલાયમેટ ચેન્જની ખરાબ અસર પડશે. રિપોર્ટમાં કહ્યું છે કે સફરજનની ખેતી દરિયાઈ સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચાઈ પર કરવી પડશે. કારણ કે અત્યારે ખેતી ૧૨૩૦ મીટર ઊંચાઈ પર થાય છે. આવનારા સમયમાં આ ગરમી વધતા સફરજનના બગીચા સૂકાઈ જશે અને ખેતી ઊંચાઈવાળી જગ્યા પર સ્થળાંતરિત કરવી પડશે. ઉત્તર ભારતમાં કલાઈમેટ ચેન્જના લીધે કપાસ ઉત્પાદન ઘટશે તો મધ્ય અને દક્ષિણ ભારતમાં વધારો થવાની સંભાવના છે. પશ્ચિમ તટીય ક્ષેત્ર કેરળ, તામિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્ર તથા પૂર્વોતર રાજ્યો, અંદમાન નિકોબાર અને લક્ષદ્વીપમાં નારિયેળના ઉત્પાદનમાં વધારો થવાની સંભાવના છે.

માયાવતીએ સારા સમયને યાદ કરીને મોદી-શાહ સાથે હાથ મિલાવવો જોઈએ: રામદાસ આઠવલે

ન્યુ દિલ્હી

બીજેપીના સમર્થનથી માયાવતીએ મેળવેલી જીતને યાદ કરતા કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ સૂચન કરતા જણાવ્યું કે, બીએસપી (બહુજન સમાજ પાર્ટી)ના અધ્યક્ષા માયાવતીએ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાણ કરવું જોઈએ, કારણ કે એસપી (સમાજવાદી પાર્ટી) સાથે ગઠબંધન કરીને તેઓ ઇચ્છિત પરિણામ નહીં મેળવી શકે.

માયાવતી બીજેપીના સમર્થનથી ત્રણ વખત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. બીજેપી બહુ સારી રીતે જાણે છે કે એસપી સાથેના ગઠબંધનથી માયાવતીને ઉત્તર પ્રદેશમાં બહુ રાજકીય લાભ નહીં મળે. આથી માયાવતીએ એસપીનો સાથ છોડીને બીજેપી સાથે જોડાણ કરી લેવું જોઈએ.× રામદાસ આઠવલેએ રવિવારે આવું નિવેદન કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અખિલેશ યાદવની પાર્ટીમાં રહેલા આંતરિક વિખવાદોને કારણે એસપી અને બીએસપીનું ગઠબંધન બહુ વધારે સમય નહીં ટકી શકે. આઠવલેએ વધુમાં કહ્યું કે, ઉત્તર પ્રદેશના અલગ અલગ વિસ્તારોમાંથી સમાચાર આવી રહ્યા છે કે એસપી અને બીએસપીના ગઠબંધનથી બંને પાર્ટીના કાર્યકરો ખૂબ જ નિરાશ છે. નોંધનીય છે કે રામદાસ આઠવલેની રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયા (RPI) બીજેપીના વડપણ હેઠળના NDA (નેશનલ ડેમોક્રેટિક અલાઇન્સ)નો હિસ્સો છે.

૨૦૧૯ લોકસભા ચૂંટણી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ અરાજકતાની લડાઈ છે: જેટલી

ન્યુ દિલ્હી

કેન્દ્રીય નાણાં મંત્રી અરૂણ જેટલીએ વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન પર મોટો પ્રહાર કર્યો છે. અમેરિકામાં ઈલાજ કરી રહેલા જેટલીએ ફેસબુક પોસ્ટ લખી કહ્યું કે આવનારી લોકસભા ચૂંટણી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ વિપક્ષી અરાજકતાની લડાઈ છે. ૨૦૧૯નો એજન્ડા-મોદી વિરૂદ્ધ અરાજકતા નામથી લખી લેખમાં તેમણે કહ્યું કે નેગેટિવ કેમ્પેન ત્યારે કામ કરે છે જ્યારે સરકાર અથવા તેમના નેતા વિરૂદ્ધ એન્ટી એનકંબેંસી હોય. નારાજ જનતા સરકારને વોટ આપીને બહાર કરી દે છે.

પરંતુ જ્યારે સરકાર અને તેમના લીડર વિરૂદ્ધના કાર્યોથી લોકો સંતુષ્ટ થાય છે તો તેઓ તેમને ફરીથી સત્તામાં લાવે છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે કોલકાતામાં મમતા બેનર્જીની રેલીમાં માત્ર નકારાત્મકતા જોવા મળી. વડાપ્રધાન પદની ઈચ્છા રાખનાર ત્રણ નેતા-રાહુલ ગાંધી, માયાવતી અને કે.ચંદ્રશેખર રાવ તેનાથી ગૈર-મૌજૂદ છે.

ભાજપ જૂઠ્ઠી પાર્ટી,દેશ નવા વડાપ્રધાનની રાહ જોઇ રહ્યું છે

રામ, સીતા અને રાવણને પણ પેન્શન આપે યોગી સરકાર: અખિલેશ

લખનૌ

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે યોગી સરકાર પર નિશાન સાધ્યુ છે. અખિલેશે કહ્યું કે યોગી સરકાર સાધુ-સંતોને પણ પેન્શન આપે. અમે તો રામલીલાના પાત્રોને પેન્શન આપવાની યોજના શરૂ કરી હતી. સીએમ યોગી પણ રામ અને સીતાને પેન્શન આપે અને રામ-સીતાથી બચે તો રાવણને પણ પેશન આપે. એસપી સુપ્રીમોએ આ દરમિયાન માયાવતી પર ભાજપ ધારાસભ્યના નિવેદન પર પલટાવર કરવાની સાથે કહ્યું કે દેશ નવા વડાપ્રધાનની રાહ જોઈ રહ્યું છે.

અખિલેશે આ દરમિયાન પેન્શનના બહાને યોગી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'સાધુ-સંતોને ઓછામાં ઓછા ૨૦ હજાર મહિને પેન્શન મળે અને યશ ભારતી અને સમાજવાદી પેન્શન પણ શરૂ થાય. રામાયણ પાઠ અને રામલીલાના લોકોને પણ પેન્શન મળે. એસપી અધ્યક્ષે જણાવ્યું કે નવા ભારત બનાવવાનું કામ નવયુવાન કરશે જેઓ સપના જોવે છે, સંઘર્ષ કરે છે. સૌથી ઉત્તમ યુવાનોનું સંગઠન સમાજવાદી પાર્ટીમાં છે.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે આજ સુધી રાજકારણમાં કોઈ એટલું ખોટું બોલ્યું નથી જેટલું ભાજપ બોલી રહ્યું છે. તેમની રાજકીય ભાષા અને વર્તન કેવું છે જનતાએ સાડા ચાર વર્ષમાં જોઈ લીધુ છે. આપણે જાણીએ છીએ કે જનતા, ખેડૂત અને વેપારીઓ તૈયાર છે, જેને ભાજપે દગો આપ્યો છે.









તંત્રી સ્થાનેથી...

૧૦ યર્સ ચેલેન્જ કેઝ

હાલમાં સોશિયલ મિડિયામાં ૧૦ યર્સ ચેલેન્જની બોલબાલા જોવા મળે છે. જેમાં લોકો પોતાના ૧૦ વર્ષ જુના ફોટાને તાજા ફોટો સાથે જોડીને પોસ્ટ કરે છે. શરૂમાં હોલિવુડની અનેક સેલિબ્રિટીએ જુદા જુદા પ્લેટફોર્મ પર પોતાના ફોટો રજૂ કર્યા હતા. ફોટો શેયર કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા પણ રહી હતી. ત્યારબાદ ભારતમાં બોલિવુડ અને કેટલાક ક્રિકેટ સ્ટારના લોકો પણ સપાટી પર આવ્યા હતા. ધીમે ધીમે સામાન્ય લોકો પણ પોતાના ફોટો મુકવા લાગી ગયા હતા. જેની પાછળ કોઈને કોઇ સંદેશ નિહીત છે. જેમ કે ક્રિકેટર રોહિત શર્માએ દરિયાની અંદર એક ચટ્ટાણનો ફોટો મુક્યો છે. જેમાં અડધો હિસ્સો રંગીન અને જીવંત નજરે પડે છે. જેને રોહિત શર્માએ વર્ષ ૨૦૦૯નો ફોટો ગણાવ્યો છે. જ્યારે ફોટાનો નીચલો હિસ્સો ઉજાડ નજેર પડે છે. જેને તે વર્ષ ૨૦૧૯ના ફોટો તરીકે રજૂ કરે છે. રોહિતે આ બાબત દર્શાવવાના પ્રયાસ કર્યા છે કે કઇ રીતે જળ પ્રદુષણ પર સંકટના વાદળો ઘેરાયેલા છે. ઈજરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાનન્યાહુએ ઇઝરાયેલ-પેલેસ્ટાઈન ફોટો શેયર કર્યો છે. વર્ષ ૨૦૦૯માં સરહદ પર નજીવા પ્રમાણમાં ઘેરાબંધી નજરે પડે છે. પરંતુ વર્ષ ૨૦૧૯માં ત્યાં જોરદાર કિલ્લાબંધી નજરે પડે છે. શક્યત રીતે તેઓ દર્શાવવા માંગે છે કે તેઓએ ઈજરાયેલને હુમલાઓથી સુરક્ષિત કરી દેવામાં સફળતા મેળવી છે. જોવામાં આવે તો આ ચેલેન્જ વૈશ્વિક દાખલાના સ્વરૂપમાં છે. ભારતમાં કેટલાક લોકો આના માટે કાર્ટુનની મદદ લઈ રહ્યા છે. એટલે કે વર્ષ ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૯નમી તુલના વાળા બે ટિકાત્મક ચિત્ર મારફતે કોઇ રાજનેતા પર પ્રહાર કરે છે તો કોઇ સરકાર પર પ્રહાર કરે છે. સામાન્ય રીતે તો લોકો પણ ફોટા મારફતે કઈને કઇ કહેવા માંગે છે. હકીકતમાં જીવનની તેજ દોડમાં થોડાક સમય માટે રોકાઈને એક વખત ભુતકાળની તરફ નજર કરવાની બાબત એક મનોવૃતિ છે. ટેકનોલોજી આવવાના કારણે પહેલા આલ્બમ રાખવાની પરંપરા છે. જેને આરામના સમયમાં બેસીને જોવાની પરંપરા રહેલી છે. મધ્યકાળમાં અમીર લોકો પોતાના ફોટો બનાવતા હતા. તેની પાછળ ભવિષ્યમાં પોતાના નિહાળવા અને જોવાની ઈચ્છા રહેતી હશે. આ જ ઈચ્છા હવે એક નવા ચેલેન્જમાં સામે આવી ગઇ છે. એમ તો ટેક જર્નાસ્ટિ કેટે ઓ નીલે કહ્યુ છે કે ફેસબુક આ ચેલેન્જ પોતાના ફેશિયલ રિકોગ્નાઈજેશન અલ્ગોરિદમમાં સુધારો લાવવા માટે ચલાવે છે. એક મીમના મારફતે કઇ રીતે ડેટા તૈયાર કરવામાં આવે છે જેના મારફતે ૧૦ વર્ષ પહેલા અને હાલમાં કેવા પ્રકારના દેખાય છે. તેના કેટલાક ખોટા ઉદ્ધેશ્ય માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે ફેસબુકે આને લઈને ઈન્કાર કર્યો છે. કંપનીના પ્રવકતાના કહેવા મુજબ આ યુઝર જનરેટેડ મીમ છે. જે પોતાની રીતે વાયરલ થયા છે. મીમમાં ઉપયોગ કરવામાં આવેલા ફોટો પહેલાથી જ વાયરલ થઇ ગયા છે. જેમાં નવી બાબત કઇ નથી. જો પણ હોય હાલમાં તો લોકો આની મજા માણી રહ્યા છે.

૧૦ વર્ષ જુના ફોટાને નવા ફોટોની સાથે જોડીને મુકવાને લઈને જોરદાર કેઝ વધ્યો

ફિટનેસ એલર્ટ : કેન્સર જેવી જીવલેણ બિમારીને આમંત્રણ આપે છે

સ્મોકિંગ ટેવ ઓછી વયે વૃદ્ધ બનાવે છે

સ્મોકિંગની ટેવ કેન્સર જેવી જીવલેણ બિમારીને પણ આમંત્રણ આપે છે. આ ટેવ શરીરને કેટલીક રીતે નુકસાન કરે છે. જેમાંથી એક વયને ઘટાડી દેવામાં પણ તેની ભૂમિકા છે. હવે એક નવા અભ્યાસમાં તો અહીં સુધી કહેવામાં આવ્યુ છે કે સ્મોકિંગના કારણે માત્ર વય જ ઓછી થતી નથી બલ્કે વ્યક્તિને ૨૦ વર્ષ પહેલા વૃદ્ધ બનાવી દેવામાં તેની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. એટલે કે સ્મોકિંગ કરનાર યુવાનની વય ૨૦ વર્ષની છે તો તેની ક્રોનિલોજિકલ વય કોઇ ૪૦ વર્ષની વ્યક્તિની જેમ દેખાય છે. ક્રોનલોજિકલ અથવા તો બાયોલોજિકલ વય શુ છે તેને લઈને વારંવાર પ્રશ્ન થતા રહે છે. માનવ શરીરની બે પ્રકારની વય હોય છે. પ્રથમ ક્રોનોલોજિકલ અને બીજી બાયલોજિકલ વય હોય છે. ક્રોનિલોજિકલ વય એ છે જે વ્યક્તિની જન્મ સાથે ગણવામાં આવે છે. અને તેમાં વ્યક્તિ કોઇ પણ વયના દેખાય છે. બાયલોજિકલ વય વય પ્રમાણે દેખાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્મોકિંગના નુકસાનને લઈને ૧૪૯૦૦૦ પુખ્તવયના બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં આ બાબત સપાટી પર આવી છે કે સ્મોકિંગ કરનાર યુવાનોની ક્રોનોલોજિકલ વય તેમના કરતા નોન સ્મોકર્સ કરતા ડબલ નજરે પડે છે. જ્યારે સ્મોકિંગ ન કરનાર યુવાનની વય તેના જન્મના સમય મુજબ સટીક રહે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૦ પૈકી સાત એવા સ્મોકર્સ નિકળ્યા છે જેમની વય ૩૦ વર્ષ કરતા ઓછી હોવા છતાં ક્રોનોલોજિકલ વય ૩૧થી ૪૦ વર્ષની જેવી દેખાઇ રહી છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા લોકો પૈકી ૪૯૦૦૦ લોકો સ્મોકર્સ હતા તેમની સરેરાશ વય ૫૨ દર્શાવવામાં આવી છે. જે ચિંતાનો વિષય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સ્મોકિંગ લોકોના



સ્મોકિંગ અથવા તો ધુમ્રપાનની ટેવ કેટલીક રીતે શરીરને ભારે નુકસાન કરે છે : સ્મોકિંગના કારણે વ્યક્તિ ૨૦ વર્ષ પહેલા વૃદ્ધ બની જાય છે

આરોગ્યને બરબાદ કરી નાંખે છે અને વય કરતા પહેલા મોત તરફ દોરી જાય છે. કેટલીક બિમારીને પણ આમંત્રણ મળી જાય છે. સ્ટડીમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે નોન સ્મોકર્સની તુલનામાં સ્મોકિંગ કરનારની વય ખરુબ ઝડપથી વધી છે. આ પ્રક્રિયાને લઈને અભ્યાસમાં સામેલ થનાર લોકો પણ ચોંકી ગયા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પેસીવ ધુમ્રપાન બાળકોમાં બેરાશ લાવવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોના શરીરમાં ધૂમ્રપાનની ખૂબ જ માઠી અસર થાય છે. આ પ્રકારના ધૂમ્રપાનથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે પણ ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. આવા ધૂમ્રપાનથી બાળકોમાં સાંભળવાની શક્તિ જતી રહેવાનો ખતરો રહે છે. ૧૨થી ૧૯ વયના ૧૫૦૦ જેટલા લોકોને આવરી લઈને ન્યૂયોર્ક યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે ગ્રસ્ત બાળકો સાંભળવાની શક્તિ વધારે ગુમાવે છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પેસિવ સ્મોકિંગથી એક એવા વિસ્તારને બ્લડ સપ્લાયને અસર કરે છે જે દરેક વ્યક્તિ માટે ખૂબ જ ઉપયોગી હોય છે અને આ વિસ્તાર વ્યક્તિની ભાષા સમજવા અને સાંભળવાની શક્તિને સક્ષમ રાખવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં ધૂમ્રપાન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ ધૂમ્રપાનને લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ ધૂમ્રપાનના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. આ અભ્યાસ કરતી વેળા સંશોધકોએ ટીનેજરોની સાંભળવાની વ્યાપક પ્રવૃત્તિમાં અભ્યાસ કર્યો હતો. સ્મોકિંગ કરનાર મહિલા અને પુરૂષોમાં આ પ્રક્રિયા એક સમાન નજરે પડી છે. સ્મોકિંગના કારણે શરીરના આંતરિક અંગોને પણ ભારે નુકસાન થાય છે.

ચાઈલ્ડ કેર : શારિરિક સક્રિયતા ઘટવા, ખરાબ જીવનશેલી કારણરૂપ

બાળકોનુ વજન કેમ વધી રહ્યુ છે

વર્તમાન સમયમાં બાળકોનુ વજન ચિંતાજનક રીતે વધી રહ્યુ છે. બાળકોના વધતા જતા વજનને લઈને કેટલાક અભ્યાસ પણ સતત કરવામાં આવી રહ્યા છે. ચાઈલ્ડ કેરને લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે ભોજન કરવાની બગડતી જતી ટેવ, જીવનશેલી અને શારિરિક સક્રિયતા ઘટી જવાના કારણે વજન વધી રહ્યુ છે. વધતા જતા વજનના કારણે કેટલીક બિમારી પણ આવે છે. દેશના ૨૬ રાજ્યો અને ૮૬ શહેરોમાંી સાત વર્ષથી લઈને ૧૮ વર્ષના કિશોરને આવરી લઈને કરવામાં આવેલા હેલ્થ સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે ત્રણ માંથી બે બાળકોના બીએમઆઈ સામાન્ય કરતા વધારે છે. દરેક બીજા બાળકના શારિરિક લચીલાપણાના કારણે સ્થિતી સારી નથી. અભ્યાસ અને સર્વેમાં એવી બાબત પણ જાણવા મળી છે કે ત્રણ પૈકી બે બાળકોમાં ભાગવાની ક્ષમતા નથી.



સરેરાશ બાળકનુ વજન દર વર્ષે બે કિલોગ્રામ વધે તે જરૂરી છે : ૮૦ ટકા બાળકોમાં હવે ચોકલેટ, પિજ્જા અને જંક ફુડ્સનો કેઝ થયો છે

ત્યારબાદ પુખ્તવયના થાય ત્યાં સુધી વજન પ્રતિ વર્ષ ત્રણ કિલો સુધી વધે તે જરૂરી છે. હાલના સમયમાં ૧૧થી લઈને ૨૦ વર્ષની વયના તમામ બાળકોપૈકી ૮૦ ટકા બાળકો કેન્ડી, હાઇ બ્લડપ્રેશર, પીસીઓડી, સ્કીન સંબંધિત બિમારી થાય છે. ફેન્ટી લિવર, ડાયાબિટીસ, હાઇપરટેન્સનના જેવી તકલીફ પણ રહે છે. બાળકોના માતા પિતા દ્વારા કેટલાક સવાલો કરવામાં આવે છે. વજન કઇ રીતે વધે છે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે ખાવાપીવાની ખરાબ ટેવ પણ એક કારણ છે. વધતા જતા વજનને રોકવા માટે જંક ફુડની ટેવને બદલી નાંખવામાં આવે તે જરૂરી છે. સપરિવારની સાથે ભોજન કરવાથી ફાયદો થાય છે. ટીવી નિહાળતી વેળા પણ કઇ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. કોઇ પણ સમય ભોજન કરવાની ટેવ પણ પાડવી જોઇએ નહીં. ભોજન કરતા પહેલા ભુખ ન લાગે ત્યાં સુધી કોઇ ભોજન કરવા માટેની પણ સલાહ આપવામાં આવી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ત્રણ પૈકી એક સ્થૂળ છે. આ બાબત ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્થૂળતા ઘણી બિમારીઓને પણ આમંત્રણ આપી રહ્યું છે. અભ્યાસમાં જાણવા મળી રહ્યું છે કે ભારત સ્થૂળતા સામેની લડાઈમાં નબળું પડી રહ્યું છે. કારણ કે દેશના ત્રણ નાગરિકો પૈકી એક વધુ વજનથી પરેશાન છે. તેમના આદર્શ વજનથી વધુ વજન ધરાવે છે. આના માટે જુદા જુદા કારણો જવાબદાર છે. ટાયર-૨ શહેરો પણ આમા આવરી લેવામાં આવ્યા છે. કોચી, લુધિયાણા અને નાગપુર જેવા ટાયર-૨ શહેરમાંથી વધુ વજન ધરાવતાં લોકોની સંખ્યા વધારે હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ એવું માનવામાં આવતું હતું કે મેટ્રો શહેરોમાં આ આંકડો વધારે છે પરંતુ હવે એવું જાણવા મળ્યું છે કે ટાયર-૨ શહેરોમાં પણ આ આંકડો ઓછો નથી. નવા ૧૧-શહેર સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ૩૬ ટકાથી વધુ લોકો આદર્શ વજન કરતા વધુ વજન ધરાવે છે. સ્થૂળતાથી તમામ લોકો ગ્રસ્ત છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો બોડીમાસ ઈન્ડેક્સના આધાર ઉપર આંકડો આદર્શ દેખાઈ રહ્યો નથી. કોચી જેવા મિની મેટ્રો શહેરોમાં ૪૬ ટકા સર્વેમાં ભાગ લેનાર લોકો સામાન્ય કરતા વધુ વજનના હતા. સ્થૂળતાથી અમારા નોન મેટ્રો શહેરો પણ અસરગ્રસ્ત છે તે બાબત જાણવા મળી છે. સર્જન રામન ગોહિલે આ મુજબની વાત કરી છે. સ્થૂળતા હવે એક મોટી સમસ્યા બની ચૂકી છે. સ્થૂળતાના કારણે ઘણી બિમારીઓ પણ આકર્ષિત થઈ છે.

હાઈપરટેન્શનમાં પણ બીપી સંતુલિત

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિને કેટલીક તકલીફ અને સમસ્યા સતાવતી રહે છે. તે ગળા કાપ સ્પર્ધાના યુગમાં અન્યોથી આગળ નિકળી જવા માટે સતત પ્રયાસ કરે છે. જો કે આ પ્રકારની વ્યસ્ત અને સ્પર્ધાવાળી લાઈફમાં પણ કેટલીક સારી ટેવ રાખીને હાઈપરટેન્સનની સ્થિતીમાં પણ બીપી સંતુલિત રાખી શકાય છે. જાણકાર તબીબો અને જાણકાર લોકો કહે છે કે બ્લડ પ્રેશર પ્રતિદિન અને પ્રતિ કલાકમાં ફેરફાર થતા રહે છે. વધારે પડતા કામ, ચિંતા, ભય, શોક, ક્રોધ અને કસરત કરવા જેવી સ્થિતીમાં બ્લડ પ્રેશર થોડાક સમય માટે વધી જાય છે. જો કોઇ વ્યક્તિનુ બ્લડ પ્રેશર થોડાક સમય માટે વધી જાય છે અને બ્લડ પ્રેશર સામાન્ય કરતા વધારે આવે છે તો તેને હાઈપરટેન્શન કહેવામાં આવે છે. તબીબો કહે છે કે હાઈપરટેન્શન પણ એક ગંભીર બિમારી છે. જે એક સાઈલન્ટ કિલર તરીકે કામ કરે છે. હાર્ટ શરીરને લોહી પહોંચાડી દેવા માટેનુ કામ કરે છે. લોહી પ્રવાહના સમય અથવા તો બ્લડપ્રેસરના સમય હાર્ટ એક દબાણ પૈદા કરે છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એક સ્વસ્થ વ્યક્તિમાં સિસ્ટોલિક બ્લડપ્રેશર ૧૨૦ (એમએમએચજી) હોય છે. જ્યારે ડાયાસ્ટોલિક બ્લડ પ્રેશર ૮૦ હોય છે. જ્યારે સિસ્ટોલિક બ્લડ પ્રેશર ૧૪૦ અથવા તો તેનાથી ઉપર પહોંચી જાય છે ત્યારે અથવા તો ડાયાસ્ટાલિક ૯૦ અથવા તો તેનાથી ઉપર હોય છે ત્યારે તેને હાઈપરટેન્શન કહેવામા આવે છે.ય કેટલીક સાવધાની રાખવામાં આવે તો બ્લડ પ્રેસર ચારથી ૧૪ સુધી ઓછુ કરી શકાય છે. જાણકાર લોકો કહે છે કે સામાન્ય રીતે વજન વધી જવાના કારણે બ્લડ પ્રેશર વધી જાય છે. વજન વધી જવાથી ઉંઘતી વેળા શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગે છે. આને સ્લીપ એપ્રિયા કહેવામાં આવે છે. શરીરના વજનને ઘટાડી દઈને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં આવી શકે છે. નિયમિત રીતે શરીરને ગતિશિલતામાં રાખવામાં આવે તે જરૂરી છે. દરરોજ ૩૦ મિનિટ સુધી તેજ પગલાથી ચાલવાથી , જોગિગ કરવાથી, સાયકલિંગ કરવાથી, સ્વીમિંગ કરવાથી સીધો ફાયદો થાય છે. આ તમામ પ્રકારની ગતિવિધી કરવાથી બ્લડ પ્રેશર ૪-૯ એમએમએચજી સુધી ઘટાડી શકાય છે. હાઈપરટેન્સનની પ્રારંભિક અવસ્થામાં પ્રતિદિન કસરત કરવાથી ફાયદો થાય છે. ભોજનમાં મોટા અનાજનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. ફળ, શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. આવી રીતે ભોજનથી આશરે ૧૪ એમએમએચજી સુધી બ્લડ પ્રેશરને ઘટાડી શકાય છે. મિઠાના પ્રમાણને ઘટાડી દઈને બ્લડ પ્રેશરને કાબુમાં લઈ શકાય છે. સામાન્ય રીતે પ્રતિદિન એક સામાન્ય વ્યક્તિને પાંચ ગ્રામથી ઓછુ અને હાઈપરટેન્શનના દર્દિને દરરોજ બે ગ્રામથી ઓછા પ્રમાણમાં ભોજનમાં મીઠાનો ઉપયોગ કરવો જોઈએ. દરરોજ યોગ કરવાની સાથે સાથે રતમ અને મનોરંજનમાં રસ લેવા માટે પણ તબીબો સલાહ આપે છે. હાઈપરટેન્શનના લક્ષણની વાત કરવામાં આવે તો માથામાં દુખાવો રહે ચે. આંખથી ધુંધળુ દેખાય છે. ગરદનમાં પિડા રહે છે. ઘબરામણ થાય છે. ઉલ્ટી થાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આવા તમામ લક્ષણો આમાં જોવા મળે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીસના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીસથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીસથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

સાથે સાથે ૪૦ ટકા બાળકોના બોડી માસ ઈન્ડેક્સ છોકરીઓ કરતા સારા છે. બાળકોમાં સ્થુળતા ઝડપથી વધતા કેટલીક અન્ય સમસ્યા પણ ઉભી થઇ રહી છે. આઉટડોર ખેલ થતમ થઇ રહ્યા છે તે પણ એક વજન વધવા માટેનુ કારણ છે. કિશોરોમાં ૨૫ ટકા સ્થુળતાનો વધારો થયો છે. વજનના માપદંડ બીએમઆઈ (બોડી માસ ઈન્ડેક્સ) એચલે કે શરીરનુ વજન અને લંબાઈ મુજબ હોય છે. બાળકોમાં અનિયંત્રિત રીતે વધતા વજનના કારણે અમેરિકામાં પણ મોટી સમસ્યા સર્જાઈ રહી છે. ત્યાંના તબીબોએ તો આને મહામારી તરીકે લેવાની ચેતવણી પણ જારી કરી દીધી છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે એક સરેરાશ સ્વસ્થ બાળકનુ વજન તેની ઉથી સાત વર્ષની વય સુધી પ્રતિ વર્ષ બે કિલોગ્રામ વધે તે જરૂરી છે.

તા. ૩૦મીએ વડાપ્રધાન મોદી સુરતમાં અલગ અલગ ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપશે: દાંડીમાં મ્યુઝિયમનું લોકાર્પણ

તા. ૩૦મીએ વડા પ્રધાન સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે

સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહીનાના અંતમાં એક વાર ફરી ગુજરાતની મુલાકાતે આવશે. પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસની જાહેરાત કરવામાં આવી છે. આગામી ૩૦મી જાન્યુઆરીના રોજ પીએમ નરેન્દ્ર મોદી દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સુરત અને નવસારી ખાતે તેઓ અલગ અલગ ચાર કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. જેમાં સુરતથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ, ખાનગી હોસ્પીટલનું લોકાર્પણ, દાંડી યાત્રા અંગે બનાવાયેલા ગાંધી મ્યુઝીયમ અને પ્રોફેશનલો સાથે સંવાદ કાર્યક્રમનો સમાવેશ થાય છે.

મળતી માહિતી અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૦ જાન્યુઆરીના રોજ દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જેમાં પીએમ મોદી દિલ્હીથી બપોરે દોઢ વાગ્યે સુરત એરપોર્ટ પર આવશે, જ્યાં તેઓ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. આ સાથે જ શાહજહ સુરત શાહજહ ફ્લાઈટની શરૂઆત કરાવશે. વડાપ્રધાનનું અલગ અલગ સંસ્થાઓ દ્વારા સ્વાગત કરી તેમનું અભિવાદન પણ કરવામાં આવશે. ઈન્ટરનેશનલ ફલાઈટનું લોકાર્પણ કર્યા બાદ પીએમ મોદી એરપોર્ટથી રામપુરા જશે. પીએમ મોદી રામપુરા ખાતે નવી બનેલી વિનસ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ પૂર્ણ કરી બપોરે રામપુરાથી સુરત એરપોર્ટ આવશે, અને ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા નવસારીના દાંડી જવા રવાના થશે.

દાંડીમાં ૧૫૦ કરોડના ખર્ચે મહાત્મા ગાંધીના મ્યુઝિયમનું લોકાર્પણ પીએમ મોદીના હસ્તે કરવામાં આવશે. મહત્વનું છે કે મીઠાના સત્યાગ્રહ ઉપર આ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે, જેમાં દાંડી યાત્રા સમયે બાપુ સાથે જે લોકો હાજર રહ્યા હતા, તેમની મૂર્તિઓ પણ બનાવવામાં આવી છે. સાંજે દાંડીથી પરત ફરી સુરત એરપોર્ટ ખાતે આવશે તેઓ આવશે. સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રોફેશન્લ્સ સાથે તેઓ ખુલી ચર્ચા કરશે. આ કાર્યક્રમ પૂર્ણ કરી રાત્રે સાડા સાત કલાકે સુરતથી દિલ્હી જવા રવાના થશે. આમ દિવસભર પીએમ સુરત અને નવસારીમાં ભરચક કાર્યક્રમોમાં હાજરી આપશે. સુરત એરપોર્ટ પર ઈન્ટરનેશનલ એર કનેક્ટિવિટી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલમાં જ કસ્ટમ વિભાગના આઠ અધિકારીઓની નિમણુંક પણ કરી દેવામાં આવી છે. એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ફ્લાઈટને લગતા બદલાવો પણ કરવામાં આવી રહ્યા છે, જે ૩૦ જાન્યુઆરી પહેલા પૂર્ણ કરી દેવામાં આવશે. પીએમ મોદી ૩૦ મી જાન્યુઆરીએ એર ઈન્ડિયા એક્સપ્રેસની શાહજહ - સુરત - શાહજહ ફલાઈટને લીલી ઝંડી આપશે. હાલમાં તેનું બુકિંગ શરૂ કરાયું અને અને ફ્લાઈટની ટીકીટના ભાવ પણ જાહેર કરવામાં આવ્યા છે. ૧૬મી ફેબ્રુઆરીથી ફ્લાઈટનું ઓપરેશન શરુ કરવામાં આવશે. અઠવાડિયામાં બે વખત ફ્લાઈટનું શિડયુલ ગોઠવવા આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતના ઈન્ડોર સ્ટેડીયમ ખાતે શહેર અને દક્ષીણ ગુજરાતના પ્રોફેશન્લ્સ સાથે ચર્ચા કરશે. એક કલાક સુધીનો આ કાર્યક્રમ રહેશે. જોકે કોણ કોણ હાજર રહેશે, કેવી રીતે આખું આયોજન કરવામાં આવ્યું છે, તે અંગે હજુ સુધી જાણી શકાયું નથી.



તા. ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસે નજીકના દિવસમાં આવી રહ્યો છે ત્યારે અઠવાલાઈન્સ ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ગણતંત્ર દિવસની પરેડ માટે સુરત પોલીસ દળ દ્વારા દરરોજ સવારે પ્રેક્ટિસનં આયોજન કરવામાં આવે છે. પરેડની પ્રેક્ટિસ કરી મહિલા પોલીસ તસવીરમાં નજરે પડે છે.

સુરત એરપોર્ટ પર ગાઢ ધુમ્મસ છવાતા દિલ્હીથી આવતી ત્રણ ફલાઈટ ડાયવર્ટ

બે ફલાઈટો અમદાવાદ અને એકને મુંબઈ ડાયવર્ટ કરવાની ફરજ પડી

સુરત

આજે સવારે સુરત એરપોર્ટ ઉપર ગાઢ ધુમ્મસ છવાતા અત્યંત નબળી વિજીબિલિટીથી ફલાઈટ લેન્ડિંગ થવામાં મુશ્કેલી આવતા ત્રણ ફોલાઈટ ડાયટવર્ટ કરવાની ફરજ પડી હતી. સવારના સમયે મુસાફરોનો ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી.

સુરત એરપોટૃના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે શહેરમાં ગાઢ ધુમ્મસ છવાયુ હતુ. પવનની દિશા ઉતરના બદલે દક્ષિણ દિશાની થતા અને ભેજનું પ્રમાણ ૯૪ ટકા જેટલું થઈ જતા એરપોર્ટ ઉપર ધુમ્મસની ચાદર છવાઈ હતી. સવારના સમયે રનવે પર વિજીબિલીટી અત્યંત નબળી થઈ જતા ફલાઈટનુ લેન્ડિંગ શકાયું ન હતુ. સવરના શિડયુલ્સમાં એર ઈન્ડિયાની દિલ્હી-સુરત ફલાઈ સવારે ૭.૦૫ વાગે સુરત લેન્ડ થવાના બદલે ફલાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી જે અમદાવાદથી ૧૧.૩૦ કલાકે સુરત આવી હતી. સ્પાઈ જેટની દિલ્હી- જયપુર- સુરત ફલાઈટ ૭.૪૫ કલાકે સુરત આવવાના બદલે મુંબઈ ડાયવર્ટ કરીને ૧૧.૩૪ કલાકે સુરત લેન્ડ થઈ હતી. ઈન્ડિગોની દિલ્હી-સુરત ફલાઈટને પણ અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. સવારના સમયે સુરત એરપોર્ટ ઉપર એક સાથે ત્રણ ફલાઈટ લેટ પડતા મુસાફરોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ઘણા મુસાફરોની કનેકટેડ ફલાઈટ કેન્સલ થઈ હતી. જ્યારે બિઝનેસ કલાસના મુસાફરોને મીટિંગ કેન્સલ કરવાની ફરજ પડી હતી. સવારે સાડા આઠ વાગ્યા બાદ ધુમ્મસનું પ્રમાણ ઘટતા ફલાઈટની લેન્ડિંગ અને ટેક ઓફ શકાય બન્યું હતું.

તાપી જિલ્લા સંકલન બેઠકમાં ધારાસભ્યોના પ્રશ્નો અંગે ચર્ચા

સરકારી લેણાની વસૂલાત ઝડપી કરવા અધિક મેજીસ્ટ્રેટની સૂચના

વ્યારા

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર એન.કે.ડામોરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા સંકલન સમિતિની ભાગ-૧ની બેઠકમાં નિઝરના ધારાસભ્ય સુનિલભાઈ ગામીત દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો બાબતે સંબંધિત વિભાગો સાથે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર એન.કે ડામોરે સંબંધિત વિભાગના અધિકારીઓને ધારાસભ્યને માંગ્યા મુજબની માહિતી સત્વરે આપવા સૂચના આપી હતી.

ભાગ-૨ની બેઠકમાં મુદ્દાઓની વિગતે ચર્ચા કરતા જિલ્લા કલેકટર ડામોરે નિવૃત થયેલા કર્મચારીઓના પડતર પેન્શન કેસોનો સત્વરે નિકાલ કરવા માટે તાકીદ કરી સરકારી લેણાની વસુલાતમાં ઝડપ કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલી અરજીઓ, બાકી કાગળોના નિકાલ, બાકી એ.જી.ઓડિટ પેરાઓના નિકાલ, ખાતાકીય તપાસના બાકી કેસોના નિકાલ સહિતના મુદ્દે વિગતે સમીક્ષા કરી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકનું સંચાલન અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ કર્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગજરાબેન ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, નિઝર પ્રાંત પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. પટેલ, નાયબ પોલીસ અધિક્ષક માવાણી, કાર્યપાલક ઈજનેરો, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યકિતઓ/ ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જયાં રોજે - રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર તા.૪/૨/૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

વલસાડ જિલ્લા પંચાયત ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

વલસાડ જિલ્લા પંચાયતના પટાંગણમાં તા.૨૬મી જાન્યુઆરીએ સવારે ૭.૩૦ કલાકે પ્રજાસતાક દિનની ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલના હસ્તે ધ્વજવંદન કરાશે. આ અવસરે હાજર રહેવા જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહિધરપુરા પોલીસની સફળ કામગીરી

આંગડીયા પેઢીની રૂ.૨૫ લાખ ભરેલી બેગ તફડાવી જનાર ચોર ઝડપાયો



રાજસ્થાનના પાલીમાંથી ચોરને પકડી પડાયો : રૂ.૨૦ લાખ કબજે કરાયા

સુરત

ગત ૧૮મીના રોજ હરિપુરા ભવાની માતાના મંદિર પાસે અંબિકા આંગડીયા પેઢીનો કર્મચારી વેફર લેવા માટે નાસ્તાની દુકાને ગયો હતો. ત્યારે ગણતરીના બે મિનિટમાં બાઈક ઉપર લટકાવેલી બેગમાં રોકડા ૨૫,૬૪,૫૪૦ની ચોરી થઈ હતી. આ ગુનામાં મહિધરપુરા પોલીસે સીસીટીવી ફુટેજથી આરોપીની ઓળખ મેળવી રાજસ્થાનના પાલી જિલ્લામાંથી ફુલચંદને ઝડપી પાડી ૨૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત ૧૮-૧-૨૦૧૯ના રોજ કાલુરા ઉર્ફે કૈલાશ છનારામ ઘાંચી ઉ.વ.૨૪ જુદી જુદી પાર્ટીઓ પાસેથી રોકડ મેળવી હરિપુરા ભવાની વડ ખાતે આવેલ અંબિકા આંગડીયા સર્વિસમાં જમા કરવા જતો હતો. તે દરમિયાન કાલુરામે કાંસકીવાડ ભવાની માતાના મંદિર પાસે સિધ્ધેશ્વર નાસ્તાની દુકાને એક્ટીવા થોભાવી હતી. બે મિનિટમાં વેફર લઈને એક્ટીવા પાસે આવતા કોઈ ચોર એક્ટીવા પર લટકાવેલી થેલી ચોરી કરી નાસી ગયો હતો. થેલીમાં ઉઘરાવેલા રોકડા ૨૫,૬૪,૫૪૦ રૂપિયા હતા. આ બનાવ અંગે ચોરીની ફરિયાદ થતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફુટેજથી આરોપીનું વર્ણન મેળવી ખાનગી બાતમીદારોના નેટવર્કની માહિતી મેળવી મહિધરપુરા પોલીસની ટીમ રાજસ્થાન રવાના થઈ હતી. પાલી જિલ્લાના દેસુરી તાલુકામાં થાના સાદડીથી ફુલચંદ જીવારામ માલવીયાની ધરપકડ કરી તેની પાસેથી રોકડા રૂપિયા ૨૦,૩૧૦૦૦ કબજે લીધા હતા. પોલીસે ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી મુખ્ય આરોપી અને મુદ્દામાલ કબજે લીધો છે. અન્ય આરોપી હિંમત સોલંકી રહે. રાજસ્થાનની તપાસ હાથ ધરી છે.

સ્ટેટ મોનીટરિંગ સેલ પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી પાડી

માંડવી પોલીસે દારૂના જથ્થા સાથે બુટલેગરને પકડ્યો

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે દારૂ ભરેલી કાર ઝડપીપ ાડી હતી. પોલીસે રૂા. ૧૪.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે માંડવી પોલીસે વેગીગામે બુટલેગરની ધરપકડ કરી રૂા. ૨૮,૮૦૦નો દારૂ કબજે કર્યો હતો.સ્ટેટ મોનીટરિંગ સેલ કામરેજ નવી પારડી સિદ્ધિ વે બ્રિજ પાસેથી કાર નં. જીજે-૦૫-જેપી-૧૧૮ને આંતરી ઝડતી લેતા કારમાંથી રૂા. ૫,૮૩,૨૨૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૪૨૭૪ બોટલ કબજે કરી હતી. પોલીસે આરોપી કરણ તેજાજી સોલંકી, પંકજ નટુ પટેલની ધરપકડ કરી આરોપી નશીમમુદીન ઉર્ફે આઝાદ અને કાર ચાલકને વોન્ટેડ જાહેર કર્યો હતા. જ્યારે માંડવી પોલીસે વેગીગામ ટાંકી ફળિયામાંથી બૂટલેગર કલ્પેશ ઉર્ફે હેરીકુમાર ચૌધરીની રૂા. ૨૮,૮૦૦ની કિંમતના દારૂના જથ્થા સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



અઠવાલાઈન્સ ખાતે આવેલી કે.પી. કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા સેલ્ફી ડેની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ કેમ્પસમાં સેલ્ફી લેતા વિદ્યાર્થીઓ તસ્વીરમાં નજરે પડે છે.

બારડોલીની પ્રાથમિક શાળામાંથી ચોરી થઈ

સુરત

બારડોલી- સુરાલી પ્રાથમિક શાળાના સ્ટાફ રૂમમાંથી તસ્કરોએ કબાટમાં મૂકેલા કોમ્પ્યૂટરના સાધનો તથા ડેન્કયુ કંપનીનું પ્રોજેક્ટ, સ્પીકરો તથા લેપટોપ મળી કુલ્લે ૬૩,૫૦૦ની મતાની ચોરી કરી હતી. બારડોલી પોલીસી મથકમાં સ્કૂલના કર્મચારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બારડોલી-મઢી હાઈસ્કૂલની સામે આવેલા સુરાલી વલ્લભજી કોમ્પલેક્ષમાં રનુતભાઈ જમુભાઈ ચૌધરી રહે છે. તેઓબ ારડોલી-સુરાલી પ્રાથમિક સ્કૂલમાં નોકરી કરે છે. ગત દિવસોમાં તસ્કરોએ સ્કૂલના સ્ટાફના દરવાજાનો નકુચો તોડી રૂમ તથા કબાટમાં મૂકેલ કોમ્પ્યૂટર મોનીટર કિંમત રૂા. ૪ હજાર, ડેન્ક્યુ કંપનીું પ્રોજેક્ટર કિંમત રૂા. ૪૦ હજાર, લેપટોપ કિંમત રૂા. ૧૫ હજાર, ૫૦૦ રૂા.ના બે પ્રોજેક્ટરોનો સ્પીકર ૩૦૦૦ની કિંમતનું એમ્પલી ફાયર મળી કુલ્લે રૂા. ૬૩,૫૦૦/-ની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કર્મચારીએ બારડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતમાં ફરીથી ઠંડીના ચમકારા

નવસારીમાં ૧૩, વલસાડમાં ૧૪ અને સુરતમાં ૧૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી તાપમાનમાં નોંધપાત્ર વધારો ઘટાડો થઈ રહ્યો છે આજે પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ તરફની થવાની સાથે ફરી એક વખત ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આગામી બે દિવસ બાદ ફરી તાપમાન વધશે એવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૮.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૪ ટકાથી અને હવાનું દબાણ ૧૦૧૫.૨ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથીછ દક્ષિણ દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. શહેરમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો થયો છતાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે.

નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું છે જે ગત રોજ ૧૨ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વલસાડમાં ન્યુનત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યુછે. પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ દિશાની થઈ છે. આગામી બે દિવસ બારદ ફરી ઠંડીનુ જોર ઘટશે અને ગરમી વધશે.

સરકારી કચેરી પરિસર અને તેની ૨૦૦ મીટર ત્રિજ્યા વિસ્તારમાં ધરણાં-ઉપવાસ કરવા પર પ્રતિબંધ

વલસાડ

વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સી.આર.ખરસાણે વલસાડ જિલ્લામાં જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, વલસાડ, તથા જિલ્લાના તમામ તાલુકા સેવા સદનની બહાર કે જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૪થી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધી અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યકિતઓ/વ્યકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા અને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પરવાનગી તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનના કિસ્સામાં લાગુ પડશે નહીં.



રેલવે ભરતી બોર્ડ દ્વારા આયોજિત ઓનલાઈન પરીક્ષામાં આજે સવારે ઉન ખાતેના પરીક્ષા કેન્દ્રમાં સર્વર ખોટકાતા પરીક્ષાર્થીઓ પરીક્ષા નહીં આપી શકતા ભારે હોબાળો મચી જતા પરીક્ષા કેન્દ્ર પર દોડી આવેલી પોલીસે ઉમેદવારોને શાંત પાડવાના પ્રયાસો કર્યા હતા.

નવસારી જિલ્લા સંકલન બેઠકમાં સાંસદે રજૂ કરેલા પ્રશ્નો અંગે ચર્ચા

નવસારી જિલ્લા પંચાયત પ્રમુખના પ્રશ્નો પણ રજૂ થયા

નવસારી

નવસારી કલેકટરાલયના સભાખંડ ખાતે ઈન્ચાર્જ જિલ્લા કલેકટર શ્રી આર.જી.ગોહિલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં નવસારીના સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના પ્રૌ રજૂ થયાં હતાં. બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી કે.જે.રાઠોડ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી રાણા, પ્રાયોજના વહીવટદાર શ્રી પારગી, ડી.આર.ડી.એ.ના નિયામક શ્રી પી.કે.હડુલા, નવસારી-વાંસદાના પ્રાંત અધિકારી શ્રી રાજપુત, શ્રી સંદિપ સાંદુ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

બેઠકમાં ઈન્ચાર્જ કલેકટર શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, આગામી માર્ચ સુધીમાં જિલ્લાના બાકી રહેલા પ્રૌ, સરકારી વસુલાતો, ડીપાર્ટમેન્ટ ઈન્કવાયરીના પ્રૌ હલ કરવા સૂચના આપી હતી. બેઠકમાં વધુમાં શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, આગામી ૩૦ મી જાન્યુઆરીના રોજ માન.વડાપ્રધાનશ્રી દાંડી ખાતે આવી રહયાં છે. જિલ્લાના તમામ અધિકારીઓને સોંપેલ જવાબદારી સુપેરે પાર પાડવા તેમજ રસ્તાની સફાઇ હેલીપેડ સહિત સ્વચ્છતા પ્રત્યે વધારે ધ્યાન આપવા સૂચના આપી હતી. નિવાસી અધિક કલેકટર શ્રી કે.જે.રાઠોડે જણાવ્યું હતું કે, ૨૫ મી જાન્યુઆરીના રોજ બ્લડ કેમ્પમાં તમામ અધિકારી/ કર્મચારીએ ઉપસ્થિત રહેવા અને ૨૬ મીના યોજાનારા પ્રજાસત્તાક પર્વમાં તમામ અધિકારીઓ ઉપસ્થિત રહેવા સૂચના આપી હતી. બેઠકમાં સરકારી બાકી વસૂલાત, કચેરી તપાસણી, ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસો અંગે ચર્ચા કરી હતી. તેમજ જિલ્લા રકતપિત્ત અધિકારી ધ્વારા રકતપિત્ત કાર્યક્રમ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

રામપુરા ધોબીની વાડી પાસેની મિલકતમાં ડીમોલીશન કરાયું

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૧૧૩૪/૨, ધોબીની વાડી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૯-૧-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૨૦૦ ચો.ફુટ સેન્ટરીંગ, શટરીંગ દુર કરવામાં આવેલ છે.

લાયસન્સ વગરની છ દુકાનો બંધ કરાવાઈ

ડે.કમિશનર હેલ્થ અને હોસ્પિટલ તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં વિવિધ જણાવેલ સંસ્થાઓની તા.૧૮-૧-૨૦૧૯ના રોજ અત્રેના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા અઠવા ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળના લાયસન્સ તથા રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ છ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

ડહેલીથી મોહિની ગુમ થઈ છે

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ડહેલી મસ્જિદ ફળિયામાં રહેતી મોહિની મુકેશભાઈ વાહવાળ તા.૧૫/૧/૧૯ના રોજ રાત્રિના ૧૧-૩૦ પહેલાં ઘરે કોઈને કંઈ પણ કહ્યા વગર જતી રહી છે, જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૧૯ વર્ષ, રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ ૫.૬ ફૂટ, મોઢું લંબગોળ, શરીરે ડાર્ક બ્લ્યુ કલરની ટી-શર્ટ તથા લોવર પેન્ટ પહેર્યો છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળી યુવતીની જો કોઇને ભાળ મળે તો પારડી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

રેલવે ભરતીની પરીક્ષા સમયે સર્વર ડાઉન થતા ઉમેદવારોનો ભારે હોબાળો

ઉનના પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓએ હોબાળો મચાવતા પોલીસ દોડી ગઈ

સુરત

હાઈટેક ટેકનોલોજીના બણગા વચ્ચે આજે રેલવે ભરતી બોર્ડ દ્વારા યોજાયેલી પરીક્ષામાં ઊન સ્થિત પરીક્ષા કેન્દ્ર ઉપર કોમ્પુટરનું સર્વર ડાઉન મળતા પરીક્ષાર્થીઓ વિફર્યા હતા. જેને કારણે પોલીસનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ રેલવે ભરતી બોર્ડ, મુંબઈ દ્વારા સહાયક લોકો પાયલોટ એવંમ ટેકનીશિયનની પરીક્ષાનું આજે આયોજન હતું. સુરતમાં ઉન પ્લેનિટમ પ્લાઝા ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવ્યું હતું. દૂર-દૂરથી બેરોજગાર યુવકો પરીક્ષા આપવા આવ્યા હતા. કોમ્પ્યુટરરાઈઝ આ પરીક્ષાના સમયે જ ટેકનિકલ ખામી સર્જાતા સર્વર થપ્પ થઈ ગયા બાદ પરીક્ષાનું સમય પૂર્ણ બતાવતા વિદ્યાર્થીઓ વિફર્યા હતા. રેલવે બોર્ડની આ આધુનિક ટેકનિકની ક્ષતિનો ભોગ પરીક્ષાર્થીઓએ બનવુ પડ્યું હતું. જેને કારણે પરીક્ષાર્થીઓએ ફરીથી પરીક્ષા લેવાનો આગ્રહ રાખી તોફાન શરૂ કરી દીધું હતું. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ કાફલો પરીક્ષા સથળે પહોંચી જઈ હોબાળો મચાવતા પરીક્ષાર્થીઓને સમજાવવાનો પ્રયાસ કરી પરીક્ષાર્થીઓને વિખેરી નાખ્યા હતા. આ પરીક્ષાર્થીઓ હજુ સુધી પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બેઠેલા જોવા મળે છે. રેલવે ભરતી બોર્ડ તરફથી આ ક્ષતિ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નહોતી.

પિરામણ ખાતેથી લોકસભા ચૂંટણી માટે માર્ગદર્શન આપતા અહમદ પટેલ

અંકલેશ્વર

અંકલેશ્વરના પિરામણ ખાતેથી લોકસભા ચૂંટણીનાં પ્રચાર અને કાર્યકરોના માર્ગદર્શનની શરૂઆત કરનાર રાજ્યસભા સાંસદ અહેમદ પટેલે કેટલાક સ્પષ્ટ સંકેત પણ આપ્યા હતા.

અહેમદ પટેલે કાર્યકરો, હોદ્દેદારોને સંબોધતા જણાવ્યું હતું કે અત્યાર સુધી જે એક જ નામનો ઠરાવ કરીને જિલ્લા કોંગ્રેસ સમિતિ ઉમેદવારના નામ મોકલતી હતી અથવા તો અહેમદ પટેલ જે કરે એમાં હામી ભરવામાં આવતી હતી એ હવે નહીં ચાલે. ભરૂચ લોકસભા બેઠક માટે જિલ્લા કોંગ્રેસ સમિતિએ ત્રણ નામની પેનલ મોકલવાની રહેશે. જેમાંથી તમામનો પરફોર્મન્સ ઉપરાંત સંગઠનમાં યોગદાન તથા સામાજિક છબી જેવા પાસાને ધ્યાને લઈ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તથા કોંગ્રેસની પાર્લિયામેન્ટ કમિટી ઉમેદવાર નક્કી કરશે.

વધુમાં અહેમદ પટેલે કાર્યકરોને મતદારો સન્મુખ થવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભરૂચમાં ઓપીઈએલ, કેબલબ્રીજ જેવા જે પ્રોજેક્ટ્સની લોકાર્પણ વિધિ કરી એ પૈકીના ૩ પ્રોજેક્ટ્સ તો યુપીએ સરકારના કાર્યકાળમાં મંજુર થયેલા અને નિર્માણાધીન પ્રોજેક્ટ્સ હતા. આની સંપૂર્ણ જાણકારી મતદારોને મળે એ માટે કાર્યકરોને કમર કસીને અત્યારથી જ કામે લાગી જવા પણ તેમણે હાકલ કરી છે.

રાજદ્રોહ : અલ્પેશ કથીરિયાની રિવીઝન હાઈકોર્ટમાં દાખલ

સુરત

રાજદ્રોહના કેસમાં આરોપી અલ્પેશ કથીરિયાના એડવોકેટ રફીક લોખંડવાળાએ ગુજરાત હાઈકોર્ટમાં એક રીવીઝન અરજી કરી હતી. જેની સુનાવણી આ સપ્તાહમાં બોર્ડ પર આવશે એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું. સુરત કોર્ટ તેના રેગ્યુલર જામીન ડીસીબીની અરજી બાદ ફગાવી દેતા તેઓએ આ હુકમને પડકારવા હાઈકોર્ટમાં એક રીવીઝન અરજી કરી હોવાનું જાણવા મળ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે પાટીદાર આંદોલન દરમ્યાન મોટા વરાછા ક્રિષ્ણા રેસીડેન્સી ખાતે રહેતાં વિપુલ અને ચિરાગ દેસાઈને ત્યાં જઈને પોલીસ વિરૂદ્ધ બેફામ નિવેદનો કરતા તેની સામે પૂર્વ ડીસીપી મકરંદ ચૌહાણે રાજદ્રોહનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ ડીસીબીના પોલીસ અધિકારીઓએ સુરત પાસના કન્વીનર અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. જામીન મુકત થયા બાદ અલ્પેશ કથીરિયાએ વરાછા સરથાણા વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનો ભંગ કરતા ડીસીબી દ્વારા તેના રેગ્યુલર જામીન રદ કરવાની એક પરચૂરણ અરજી કરી હતી. જેની સુનાવણી દરમ્યાન ડીજીપી નયન સુખડવાળાની દલીલોને ગ્રાહ્ય રાખી તેના જામીન રદ કરતા આ હુકમને પડકારતી એક રીવીઝન અરજી આજે હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી આ સપ્તાહમાં થશે.









પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંગે વ્યારા જિલ્લા પ્રશાસન દ્વારા બેઠક

વ્યારા

આગામી તા. ૨૬મી, જાન્યુઆરીના રોજ તાપી જિલ્લાના સોનગઢ ખાતે આવેલી સાર્વજિનક હાઈસ્કૂલની સામેના મેદાનમાં તાપી જિલ્લાના જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને અનુલક્ષીને જિલ્લા કલેકટર એન.કે ડામોરની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપતા કલેકટર ડામોરે જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના આ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં કોઈ કચાશ ન રહી જાય એની તકેદારી રાખી દરેક વિભાગને સોંપવામાં આવેલી કામગીરી ગંભીરતાથી કરવા જણાવ્યું હતું.

વિવિધ સમિતિઓને સોંપવામાં આવેલી કામગીરી અંગે ચર્ચા કરતા તેમણે રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમિયાન સરકારી ઈમારતોને રોશની કરવા, કાર્યક્રમના સ્થળે સભામંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, પોલીસ બેન્ડની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા તથા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે વિગતે ચર્ચા કરી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીનું સન્માન, જિલ્લાના સિદ્ધિવંત નાગરિકોનું સન્માન, સરકારી વિભાગમાં સૌથી સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીનું સન્માનકરવા માટે પસંદ કરવામાં આવેલા વ્યક્તિવિશેષોની યાદી તૈયાર કરવા માટે પણ તેમણે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા રજૂ કરવામાં આવનાર ટેબ્લોઝ તૈયાર કરવાની કામગરી અંગે માર્ગદર્શન આપતા તેમણે જણાવ્યું હતું કે, રાજયકક્ષાના કાર્યક્રમમાં જે રીતે ટેબ્લોઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે એ પ્રકારના ટેબ્લોઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરવા માટે જણાવ્યું હતું. બેઠકનું સંચાલન અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ કર્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, નિઝર પ્રાંત પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. પટેલ, નાયબ પોલીસ અધિક્ષક માવાણી, કાર્યપાલક ઈજનેરો, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાપી જિલ્લામાં સી.એમ.ડેશબોર્ડ કામગીરી અંગે કલેક્ટરની સમીક્ષા

ઝડપી કાર્ય કરી પેન્ડિંગ કામોનો નિકાલ કરવા કલેક્ટરની સૂચના

વ્યારા

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર એન.કે ડામોરે સી.એમ ડેશબોર્ડ અંતર્ગત તાપી જિલ્લાના વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતે સમીક્ષા કરી હતી.

કલેકટરે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોના સર્વાંગી ઉત્કર્ષ માટે અમલી વિવિધ યોજનાઓ અન્વયે અત્યાર સુધી થયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, સમાજ કલ્યાણ, રોજગાર, તાલીમ તથા કૃષિ વિષયક યોજનાઓના અમલીકરણ બાબતે વિશેષ કાળજી લઈ ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં લક્ષ્યાંક પૂર્ણ કરવા સૂચન કર્યું હતું. વધુમાં થયેલ પ્રગતિ સંદર્ભનો અહેવાલની નિયમિત રીતે ડેટા એન્ટ્રી થાય તે જોવા તથા પેન્ડીગ કામગીરીના ઝડપી નિરાકરણ માટે જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયા, પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, નિઝર પ્રાંત પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. પટેલ, નાયબ પોલીસ અધિક્ષક માવાણી, કાર્યપાલક ઈજનેરો, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચારચક્રી વાહનની GJ-15- CJ અને દ્વિચક્રી વાહનની GJ-15- DE સીરીઝમાં બાકી રહેલા ગોલ્ડન-સીલ્વર નંબર માટે હરાજી કરાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં મોટરિંગ પબ્લિકની સગવડતાના હેતુસર ચારચક્રી મોટર કારની **GJ-15- CJ** અને દ્વિચક્રી વાહનની **GJ-15-DE** સીરીઝમાં બાકી રહી ગયેલા ગોલ્ડન-સીલ્વર નંબર માટે ઓનલાઈન હરાજી કરાશે.

ઉક્ત હરાજીમાં ભાગ લેવા માટેની ઈચ્છા ધરાવનાર અરજદારે તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancy વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી હરાજીમાં ભાગ લઈ શકશે. અરજદારે વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ભરેલું હોવું જરૂરી છે, જે રજૂ નહીં કરનાર હરાજીમાં નિષ્ફળ જાહેર કરાશે.

ઉક્ત બન્ને હરાજી માટેનું ફોર્મ તા.૨૩ થી ૨૯ જાન્યુઆરી-૧૯ દરમિયાન રજિસ્ટ્રેશન તેમજ અરજી કરવાની રહેશે. તા.૩૦/૦૧/૧૯થી તા.૩૧/૦૧/૧૯ના રોજ હરાજી માટેનું બીડિંગ ઓપન થશે. તા.૦૧/૦૨/૧૯ના રોજ કચેરી સમય દરમિયાન રીઝલ્ટ જાહેર કરી તથા ત્યારબાદ નિયમ મુજબના દિવસો બાદ અરજદારે તેમના ફોર્મ જમા કરાવવાના રહેશે.

હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા નહીં કરાવનાર અરજદારની મૂળ રકમ જપ્ત થશે અને તે નંબરની હરાજી ફરીથી કરાશે. ઓનલાઈન હરાજી દરમિયાન આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. વાહન સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે, સમયમર્યાદા બહારની અરજીઓ રદ કરવામાં આવશે, એમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

ઉધના ઝોને વેરા નહીં ભરાતા ૧૭૮ જેટલી મિલ્કતોને સીલ મારી દીધા

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન ઉધના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા ખટોદરા, ઉધના, પાંડેસરા, ઉન, બમરોલી, વડોદ વગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઈ નહીં કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ગત માસ દરમયિાન ૧૭૮ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કરી વસૂલાત કરેલ છે કર્યા બાદ સતત આ કામગીરી ચાલુ રહેલ જેમાં બીજા તબક્કામાં ચાલુ માસમાં આજદિન સુધી કુલ ૯૭૨ જેટલી મિલ્કતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૯૬૪ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા.૩,૦૯,૮૧૦૦૦ જેટલી રકમની વસૂલાત કરાઈ છે.

વધુમાં ગાંધી કુટીર વિસ્તારમાં રહેણાંક મિલ્કતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરાયેલ સદર કાર્યવાહી દરમ્યાન ૧૫ જેટલા મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા ૧.૫ લાખ જેટલા રોકડ ચેક વસૂલાત થયેલ છે અને ગાંધી કુટીર ઉધના પ્લોટ નં.૩૫૭, ૪૨૨, ૪૪૭, ૪૪૮, ૪૬૧, ૬૫૯ અને ૬૬૦ સ્થિત કુલ ૭ જેટલી મિલકતોના નળ કનેકશન કાપવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લામાં તા.૦૯મી માર્ચે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

વલસાડ જિલ્લાની કોર્ટમાં પડતર કેસોનું ભારણ ઘટાડવા તેમજ સમાધાનથી કેસોનો નિકાલ થાય તે હેતુસર વલસાડ જિલ્લા કાનુની સેવાસત્તા મંડળ દ્વારા કોર્ટમાં દાખલ થયેલા તેમજ દાખલ થાય તે પહેલાના પ્રિલીટીગેશન કેસોના નિકાલ માટે તા.૯મી માર્ચ, ૨૦૧૯ના રોજ જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, બેંક લેણાં- ચેક રીટર્નના કેસો, મોટર એકસીડન્ટ ક્લેઈમને લગતા કેસો, લગ્ન વિષયક કેસો, મજુર અદાલતના કેસો, જમીન સંપાદનના કેસો, ઈલેક્ટ્રીસીટી તથા પાણી બિલને લગતા કેસો, રેવન્યુ કેસો, દિવાની (ભાડા, સુખાધિકારના કેસો મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા) વગેરે પ્રકારના કેસો મૂકી શકાશે. જે પક્ષકારો લોકઅદાલતમાં પોતાના કેસો મૂકવા માંગતા હોય તેઓએ વકીલ મારફત અથવા સીધો કોર્ટનો સંપર્ક કરી કેસ મૂકવાની કાર્યવાહી કરી શકે છે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

કેવડિયા પોલીસે ૧૨ સ્થાનિક આગેવાનો સામે ફરિયાદ નોંધાતા કેવડિયા ગામ સયંભૂ બંધ





પોલીસ ગમે તેટલો જુલમ કરે પણ અમે આંદોલન નહિ છોડીયે : સરકાર પોલીસ ને હાથો બનાવી આંદોલનને તોડી રહી છે

રાજપીપળા : કેવડિયામાં દેશના ૩૩ રાજયોના ભવનોમાં કેવડિયા સહીત આજુબાજુના ગામોના ગ્રામજનોની જમીનો આ ભવનોમાં જવાને લઈને ગ્રામજનો હવે એક ટુકડો પણ જમીનો આપવા માંગતા નથી ત્યારે સરકાર જો હુકમી કરી ગ્રામજનોના આંદોલનને તોડી રહી છે અને ખોટી રીતે ફરિયાદ નોંધી જુલમ કરે છે ત્યારે ફરિયાદમાં ૧૨ નામો પણ ખોટા લખ્યા છે એવી વાતે કેવડિયા કોલોનીનું બજાર સ્વયંભૂ બંધ રહેતા પોલીસ પણ પરેશાન થઈ હતી. અને પોલીસે ગ્રામજનો ને ઉઠાવવાનું ચાલુ કરતા પોલીસ તરફ આદિવાસીઓનો રોષ વધ્યો છે.

કેવડિયા સોમવારે સજજડ બંધ રહ્યું હવે મંગળવારે કેવી સ્તિથી હશે એ જોવું રહ્યું કેમ કે કેવડિયા પોલીસે હરિયાણા ભવનના વિરોધમાં પથ્થરમારો થયો એને લઈને ૧૨ જેટલા આગેવાનો સામે ગુનો નોંધ્યો જોકે આબાબતે ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠતા કેવડિયા કોલોનીનું બજાર બંધ રહ્યું આ એક વિરોધ સાથે વેપારીઓ દ્વારા ગ્રામજનોને સહકાર આપવા માટે પણ બંધ રાખવામાં આવ્યું હતું હવે વેપારીઓ કેટલે સુધી આ ગ્રામજનો ને સહકાર આપે છે તે જોવું રહ્યું કેમકે પોલીસે ફરિયાદ નોંધી છે અને ધરપકડ બાકી છે, ત્યારે ગ્રામજનોની માંગ છે કે પોલીસ ફરિયાદ પાછી ખેંચે, નહીતો આ આંદોલન ચાલુ રહેશે.

નર્મદા જિલ્લાના ૪૫૦ જેટલા આરોગ્ય કર્મીઓએ કાળી પટ્ટી પહેરી સરકાર સામે દેખાવ કર્યા

આજથી ૨૧થી ૨૫ જાન્યુઆરી એ કાળીપટ્ટી પહેરી ફરજ બજાવશે : ૧૫ ફેબ્રુઆરી સુધી વિરોધ પ્રદર્શન કરશે



રાજપીપળા : નર્મદા જિલ્લાના ૪૫૦ જેટલા આરો?ય શાખાના કર્મચારીઓ પોતાની વિવિધ માંગણીઓ ને લઈને સરકાર સામે બાયો ચઢાવી છે અને આજે સોમવારે તેઓએ કાળી પટ્ટી પહેરી ફરજ બજાવી વિરોધ કર્યો હતો આ રીતે ૨૫ જાન્યુઆરી સુધી કાળી પટ્ટી પહેરી દેખાવો કરશે.

નર્મદા જિલ્લાના ૪૫૦ થી વધુ કર્મચારીઓ કે જેઓ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગમાં આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, લેબ ટેક્નિશિયન ફાર્માસીસ્ટ સહીત કર્મચારીઓ કે જેઓની બઢતી, પગાર ધોરણ તફાવત, મહેકમ જેવી ઘણી માંગ અવાર નવાર સ્થાનિક લેવલે અને રાજય કક્ષાએ આરોગ્ય મંત્રાલય સહીત મુખ્યમંત્રીને કરી છે પણ કોઈ હલ આવતો નથી જેથી નર્મદા જિલ્લાના આરોગ્ય કર્મીઓ આજે ૨૧ જાન્યુ થી કાળી પટ્ટી પહેરીને ફરજ બજાવી હતી ૨૫ જાન્યુઆરી સુધી કાળી પટ્ટી લગાવી ફરજ બજાવી સરકાર સામે આંદોલનનું રણસીંગુ ફુક્યું છે. આ કર્મીઓ આગામી ૨૮ જાન્યુઆરી ફરજ બજાવાશે પરંતુ તાલુકા જિલ્લામાં રિપોર્ટીંગ નહિ કરે, ૬ ફેબ્રુઆરી એ માસ સીએલ પર ઉતરશે, અને જિલ્લા મથકે રામધૂન અને સફાઈ કરી વિરોધ પ્રદર્શન કરશે. છતાં પણ જો સરકારે કોઈ મચક ના આપી તો ૧૫ ફેબ્રુઆરી થી અચોક્કસ મુદતની હળતાલ પર ઉતરી જશે આમ રાજ્ય માં હજારો કર્મચારીઓ હડતાલ પર ઉતરશે ત્યારે દર્દીઓનું શું થશે માટે સરકારે કોઈ વચલો માર્ગ અપનાવવો જોઈએ.



અંબા માતાની સાલગીરી નિમિત્તે ભાગળ સ્થિત અંબાજી મંદિરમાં માતાજીને ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ દિવસભર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અલ્પ શૌક્ષણી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્કમભાઈ Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધી સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધો વિભાગે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની ઉપરોક્ત રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત રકમ મેળવી આનંદ કમાવેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (એકદમ મોડામાં મોડી રકમથી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે ૨૨૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (એકદમ મોડામાં મોડી રકમથી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે ૩૩૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્પનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે



આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....

માં-બાપનો ભૂલશો નહી

આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...

કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી

આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ

તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે

-: સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ

-: આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ



નર્મદા જિલ્લામાં ગ્રામ પંચાયત હસ્તક ચાલતી આવાસ યોજના સ્કીમમાં મોટા ગોટાળાની વારંવાર ફરિયાદ છતાં તપાસ થતી નથી

ટીડીઓ, કલેક્ટર સુધી રજુઆત કરવા છતાં કોઈ જ પગલાં નથી લેવાયા

ટીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ ને રજુઆત કરતા એક બીજા ને ખો આપે છે : ફાતમાબેન મકરાણી

ફાતમાબેને જણાવ્યું કે મારુ ૨૦૧૮ ની યાદીમાં નામ હતું જેમાં મારુ આવાસ મંજુર થયું હતું પરંતુ મારુ જુર થેલું આવાસ બીજા વ્યક્તિને અપાયું છે તે વ્યક્તિને અગાઉ પણ આવાસનો લાભ મળી ચુક્યો છે.ગ્રામપંચાયત સેલંબા દ્વારા પાકાં મકાનો ધરાવતા માલેતુજાર રહીશોને પણ આ આવાસોનો ત્રણ થી ચાર વખત લાભ અપાયો છે. ગરીબોના નામે આવાસો આવે છે તેમાં લાભાર્થીને આવાસ દીઠ ૧.૨૦ લાખ રૂપિયા હમે મળે છે પરંતુ આ આવાસો ગરીબોના નામે પાસ કરાવી અન્ય ને આપી ત્રીસ હજાર રૂપિયા અમુક મળતીયાઓ ખિસ્સામાં મૂકી દેતા મારા જેવા ગરીબ અને જરૂરિયાતમંદ અટવાઈ પડે છે ત્યારે આ બાબતે અમે ટીડીઓ બાદ કલેક્ટર સુધી રજુઆત કરી છતાં કોઈ પગલાં લેવાયા નથી તો શું આ કૌભાંડમાં મોટા અધિકારીઓની પણ સંડોવણી હશે...?

સેલંબા સરપંચ અને તલાટીનો એક જ સૂર, ફરિયાદ ખોટી છે

સેલંબાના સરપંચ ગંગારામભાઈ તડવી અને તલાટી જશરામભાઈ નો એકજ શૂર કે અમે આવાસમાં કોઈ ગરબડ કરતા નથી એતો અમુક લોકો ખોટી ફરિયાદ કરે છે બાકી આવાસના મંજુર થયેલા રૂપિયા જેતે લાભાર્થીઓના ખાતામાંજ જમા થાય છે.ત્યારે સવાલ એ થાય છે કે સરપંચ તલાટી સાચા હોય તો ટીડીઓ કક્ષાના અધિકારી કેમ લાભાર્થીઓના સંતોષ માટે તપાસ કરતા નથી...? શું તલાટી સરપંચ ચોખ્ખા છે તો અન્ય અધિકારીની છબી ખરડાયેલી છે...? નર્મદા કલેક્ટર તપાસ કરશે.

સેલંબા ગ્રામ પંચાયતમાંથી ફાતમાબેન મકરાણીનું આવાસ મંજુર થયું પરંતુ એ બીજાને આપી દેવાયુંની ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત છેલ્લા લગભગ બે વર્ષ થી આ યોજના ચાલી રહી છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયત હસ્તક મોટા ગોટાળા થતા હોવાની વારંવાર ફરિયાદ સામે આવી છે જયારે રાજપીપળા શહેરમાં નગરપાલિકા હસ્તક અત્યાર સુધી કુલ ૧૫૨ લાભાર્થીઓના આવાસ મંજુર થા તેમના હમા પણ આવતા થયા પરંતુ રામ્ય કક્ષાએ પંચાયત હસ્તક ચાલતી આ યોજામાં નર્મદા જિલ્લામાં મોટા ગોટાળા થઈ રહ્યાની વારંવાર બૂમ ઉઠે છે ત્યારે સરકાર ક્યારે તપાસ કરી પગલાં લેશે એ સવાલ હાલ અટવાયેલા લોકોને મૂંજવી રહ્યો છે.સાગબારાા સેલંબા ગ્રામપંચાયત હસ્તક ફાતમાબેન મકરાણીનું પ્રધાનમંત્રી આવાસ મંજુર થયું છે. પરંતુ તે આવાસ ગ્રામ પંચાયત સેલંબાના કેટલાક ભ્રષ્ટ તત્વો દ્વારા અન્ય વ્યક્તિ ને આપી રોકડી થઈ હોવાની વાત સામે આવી છે અને એ બાબતે ફાતમાબેને લેખિત રજુઆત પણ કરી છે.છતાં ઉચ્ચ અધિકારીઓ પણ મૌન સેવી બેઠા છે.

અગાઉ તિલકવાડા તાલુકામાં એક લાભાર્થીમાં ગોટાળો બહાર આવ્યા બાદ હાલ સાગબારાના સેલંબા ગ્રામપંચાયતમાં એક મહિલા લાભાર્થીને અન્યાય થયાની બૂમ હોય પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે રૂપિયા ચાઉં કરતા તત્વો સામે કોણ તપાસ કરશે



તારીખ ૨૧/૧/૨૦૧૯ સોમવાર ના રોજ નસવાડી એકલવ્ય તીરંદાજી એકેડેમી માં રાજ્યકક્ષા જુનિયર વિભાગ ની તીરંદાજી સ્પર્ધા યોજાય રહી છે ગુજરાતભર માંથી કુલ ૧૫૦ ભાઈઓ બહેનો તીરંદાજી ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ તારીખ ૬/૨/૨૦૧૯ થી તારીખ ૧૫/૨/૨૦૧૯ સુધી ભોપાલ મધ્યપ્રદેશ ખાતે યોજાનાર ઓલ ઇન્ડીયા તીરંદાજી સ્પર્ધામા ભાગ લેવા જશે

ગુજરાત કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાની આગેવાનીમાં કાર્યકરોએ 'ચલો પંચાયત અભિયાન' અંતર્ગત નર્મદા જિલ્લાના ગામડા ખૂંદયા



નર્મદા જિલ્લાના ગામડાઓમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત રાત્રી બેઠકોનો ધમધમાટ,ભાજપે આપેલા વચનોની ખરી તપાસ કરી,બેરોજગાર યુવાનો અને ખેડૂતો સાથે સંવાદ કર્યો સાથે સ્થાનિકોની સમસ્યાઓ વિશે માહિતી મેળવી.

રાજપીપળા:ભારત તમામ રાજકીય પક્ષોએ ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને કમર કશી છે.ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા ચલો પંચાયત અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની સમસ્યાઓની માહિતી મેળવવાનો એક કાર્યક્રમ જાહેર કર્યો છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાની આગેવાનીમાં નર્મદા જિલ્લા યુવક કોંગ્રેસના કાર્યકરોએ ચલો પંચાયત અભિયાન જિલ્લાના છેવાડાના ગામડાઓ ખૂંદવાની શરૂઆત કરી છે.તમામ કાર્યયકરો એઠકો કરી જિલ્લાના બેરોજગાર યુવાનો અને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો સાથે સાથે સ્થાનિકોની સમસ્યાઓ પણ સાંભળી હતી.ભૂતકાળમાં ચૂંટણી દરમિયાન ભાજપે આપેલા વચનો પૈકી કેટલા વચનો પુરા કર્યા છે એની પણ એમણે ખાતરી કરી હતી.આ બેઠક દરમિયાન ગ્રામજનોએ પોતાની સમસ્યાઓ વિશે કોંગ્રેસી કાર્યકરોને માહિતગાર કર્યા હતા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાએ ગ્રામજનોને સમસ્યાઓનું વહેલું નિરાકરણ આવશે એની ખાતરી આપી હતી.

ગુજરાત કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાએ જણાવ્યું હતું કે અમને આ બેઠક દરમિયાન ભાજપે કોઈ વચનો પુરા કર્યા ન હોવાનું ખુદ ગ્રામજનોએ જણાવ્યું હતું.હવે અંતરિયાળ વિસ્તારના લોકો પણ ભાજપની સ્વાર્થની નીતિથી વાકેફ થયા છે.ગુજરાત અને દેશની પ્રજા હવે પોતાના મતથી ભાજપને જડબાતોડ જવાબ આપશે.આ બેઠકમાં નર્મદા જીલ્લા યુવક કોગ્રેસ પ્રમુખ વાસુદેવ વસાવા,નાદોદ વિધાનસભા યુવક કોગ્રેસ પ્રમુખ અજય વસાવા,નર્મદા કોગ્રેસના સોશિયલ મિડિયા કો-ઓર્ડીનેટર અમીત વસાવા,યુવક કોગ્રેસના ઉપપ્રમુખ ચંદ્રેશ પરમાર,કોગ્રેસના આગેવાન અલ્પેશ વસાવા,કિરણ વસાવા,ગોપાલ વસાવ, સંજય વસાવા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

સાગબારા તાલુકા શિક્ષક સંઘે ફિક્સ પગાર આધારિત પ્રા.શિક્ષકોના પ્રશ્નો મુદે મામલતદારને આવેદનપત્ર આપ્યું



ફિક્સ પગાર આધારિત પ્રાથમિક શિક્ષકોનો પ્રશ્ન હલ નહિ થાય તો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રીની રાજીનામાની ચીમકી : ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નો મુદે ઉદાસીનતા દાખવતું હોવાનો આક્ષેપ

રાજપીપળા:ગુજરાત રાજ્યમાં હે સરકારી વિભાગોના ફિક્સ પગાર આધારિત કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે છે.ફિક્સ પગારમાં કર્મચારીઓનું હમેશા શોષણ થતું હોવાના ઓપો પણ ાગી રહ્યા છે.ગુજરાત આરોગ્ય વિભાગ અને આંગણવાડી કર્મચારીઓએ તથા શિક્ષકોએ સરકાર સામે આ મુદે આંદોલન પણ છેડયુંછે.ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષકોના વિકટ પ્રશ્નો મુદે સાગબારા પ્રાથમિક શિક્ષક સંઘે મામલતદારને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.જેમાં મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ પર ગંભીર આક્ષેપ લગાવ્યો હતો.

પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નો હલ નહિ થાય તો હું ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી પદેથી રાજીનામુ આપી દઈશ : વિજય ગામીત

આ મામલે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી અને સાગબારા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ વિજય ગામીતે જણાવ્યું હતું કે અમે ૧૯૯૭થી આજદિન સુધીના ફિક્સ પગારે નિમણુંક પામેલા પ્રાથમિક શિક્ષકોની ફિક્સ પગાર સેવા સળંગ ગણી મળવા પાત્ર લાભો આપવા અમે સરકારને રજુઆત કરી છે.ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષકોના પ્રશ્નો મુદે ઉદાસીન વલણ અપનાવે છે એટલે જ અમારા પ્રશ્નો હલ થતા નથી.જો વહેલી તકે ફિક્સ પગાર આધારિત પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નો હલ નહિ થાય તો હું ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી પદેથી રાજીનામુ આપી દઈશ.



કતારગામ કુબેરપાર્ક સોસાયટીમાં સ્થાનિક લોકોનો બે ઈજનેરો પર હુમલો

સમયસર રસ્તા બનાવતા નથી એમ જણાવી ઉશ્કેરાયેલા લોકોએ તમાચા ઝીંકી દીધા

સુરત

કતારગામ કુબેરપાર્ક સોસાયટીમાં રસ્તાનું કામ જોવા ગયેલા સુરત મહાનગરપાલિકાના બે ઈજનેર ઉપર હુમલો થયો હતો. સ્થાનિક લોકોએ સમય સર રોડ બનાવતા નથી, ખાડાઓ પડી જાય છે તેમ જણાવી ઝઘડો કર્યો હતો.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ ઝોનમાં આસી. એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ડેનીશ પ્રવીણચંદ્ર કટારિવાળાએ આરોપી જયેશ ખોડા મારૂ વિરુદ્ધ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ કતારગામ કુબેરપાર્ક સોસાયટીમાં રસ્તાનું કામ ચાલતુ હોય, ફરિયાદી તથા જુનિયર ઈજનેર શ્વેતાંગકુમાર પટેલ જોવા ગયા ત્યારે આરોપી જયેશ મારૂએ આવીને જણાવ્યું હતું કે, સમયસર કામ કરતાં નથી, ખાડા પડી જાય છે તેમ કહી ઝઘડો કહી ફરિયાદીને બે-ત્રણ લાફો મારી દઈ બુમાબુમ કરી લોકોને ભેગા કર્યા હતા અને તમો રૂપિયા ૧૫૦૦૦ની લાંચ માગો છો. તેવો ખોટો કેસ કરવાની ધમકી આપી લોકોને ઉશ્કેર્યા હતા. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.





સરકારી સાયન્સ કોલેજ ઝાલોદ ખાતે વિદ્યાર્થીઓનો હલ્લાબોલ

અમારી માંગણી કોલેજ દ્વારા ના સ્વિકારવામા આવે તો આવનારા સમયમાં કોલેજને તાળાબંધી કરીશુ : વિધાર્થી અનિલ ભરવાડ

કોલેજના અધ્યાપકો દ્વારા લેખીતમાં માફી નહી માંગવામાં આવે તો ઉગ્ર આંદોલન કરીશુ : વિપુલ ભુરિયા(ભીલીસ્થાન ટાઈગર સેના સોશીયલ મીડીયા પ્રભારી)



દાહોદ

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલી સરકારી સાયન્સ કોલેજ ખાતે કોલેજમા અભ્યાસ કરતા વિધાર્થીઓ દ્વારા ન્યાય મેળવવા માટે કોલેજ કેમ્પસમાં કરાયો હલ્લાબોલ.કોલેજના અધ્યાપકો દ્વારા વિધાર્થીઓને હેરાન કરવામાં આવતા હોવાનો વિધાર્થીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.કોલેજમા અપુરતા સ્ટાફને લઈને વારંવાર વિવાદ ચર્ચાતો હોય છે ત્યારે આ વખતે પણ વિધાર્થીઓ દ્વારા કોલેજ ખાતે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો.કોલેજ ખાતે ધારાસભ્ય તથા પ્રાંત ઓફીસર પણ દોડી આવ્યા હતા.મામલાને થાળે પાડવાની કોશીશ કરવામાં આવી હતી.વિધાર્થીઓનો આક્ષેપ છે કે કોલેજના સ્ટાફ દ્વારા તેમની સાથે ગેરવર્તન કરવામાં આવે છે.અને કોઈપણ ને જાણ કરશો તો પરીક્ષામા નાપાસ કરવાની અધ્યાપકો દ્વારા ધમકી આપવામા આવે છે.

ગરુડેશ્વર તાલુકામાં રહેતી અને શાળાએ જવા નીકળેલી સગીરાને લગ્નની લાલચે યુવાન ભગાડી ગયો

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની શાળામાં અભ્યાસ કરતી સગીર વયની દીકરીને નજીકના ગામનો એક યુવાન લગ્નની લાલચ આપી ભગાડી જતા દીકરીના પિતાએ કેવડિયા પોલીસમાં ફરિયાદ આપી હતી

ગરુડેશ્વર તાલુકાના એક ગામમાં રહેતી સગીર વયની દીકરી ગત તારીખ ૧૬ ના રોજ શાળા એ જવા નીકળેલી એ ખડગડા ગામે પોહચી ત્યાં નવાગામમાં રહેતો ધર્મેન્દ્ર જયંતીભાઇ તડવી નામનો યુવાન એને ખડગડાથી લગ્ન કરવાની લાલચ આપી પટાવી ભગાડી ગયો હોવાની ફરિયાદ દીકરીના પિતાએ કેવડિયા પોલીસ સ્ટેશને આપતા પોલીસે ફરિયાદીની સગીર વયની દીકરી અને ભગાડી જનાર યુવાન ધર્મેન્દ્ર તડવીની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા છે.તપાસ સી પી આઈ ડી બી શુક્લ કરી રહ્યા છે.

પલસાણાના સોયણી ગામે શેરડીના ખેતરમાંથી બિયરનો જથ્થો પકડાયો

પોલીસે બે બૂટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા

સુરત

પલસાણા- સોયાણી ગામના શેરડીવાળા ખેતરમાંથી પોલીસે વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે વિદેશી દારૂ તથા બીયરની ૫૨૮ નંગ બોટલો કિંમત રૂા. ૬૪,૮૦૦/-ની કબજે કરી હતી. પોલીસે ચોપડા પર બે બુટલેગરોને વોન્ટેડ બતાવ્યા હોવાનું જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી- સોયાણી ગામમાં વિનયભાઈ પટેલનું શેરડીનું ખેતર આવેલુ છે. આ ખેતરમાં પોલીસ દરોડા પાડી વગર પાસ પરમીટની વિદેશી દારૂની ૫૨૮ નંગ કિંમત રૂા. ૬૪,૮૦૦/- ૩૫ હજારના રૂા.ની મોટર સાઈકલ મળી કુલ્લે ૯૯,૮૦૦/- રૂા.નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ગુનામાં પલસાણા તાલુકાના સોયાટી ગામના નવા ફળિયામાં રહેતા સુનીલભાઈ રાઠોડ તથા અન્ય એક ઈસમને વોન્ટેડ બતાવ્યો હતો. આ બંને બુટલેગરો વિજય પટેલના શેરડીના ખેતરમાં મુદ્દામાલ મૂકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને બુટલેગરો સામે પ્રોહીબીશન એકટનો ગુનો દાખલ કરી તપાસ હરૂ કરી છે.

ઉમરવાડાના કોમ્યુનિટી હોલના પાર્કિંગમાંથી જુગારીઓ ઝડપાયા

સુરત

ઉમરવાડા કોમ્યુનિટી હોલના પાર્કિંગમાં અને મોરાભાગળ શારદાનગરમાં જુગાર રમતાં ૧૭ જણાની સ્થાનિક પોલિસે ધરપકડ કરી રોકડા રૂપિયા ૨૪,૫૮૦ કબજે કર્યા હતા.

સલાબતપુરા પોલીસે ઉમરવાડા કોમ્યુનિટી હોલ પાર્કિંગમાં જુગાર રમતા હસન અહેમદ બાગબાન, શબ્બીરખાન બાગબાન, ગ્યાસ યૂસુફ, કયુમ હમીદ, રઈશ શેખ, શેખ રહીમ શેખ, રિયાઝ યૂસુફ બાગબાન આરિફ ઝમીર શેખની ધરપકડ કરી રોકડા રૂા. ૧૦,૧૦૦ કબજે કર્યા હતા. રાંદેર પોલીસે મોરાભાગળ શારદાનગરમાં જુગાર રમતા વિપુલ ભંડારી, તરૂણ રાજુ, કિરણ બચુ, અશ્વિન ગોપાળ, પ્રદીપકુમાર જરીવાળા, રાકેશ અવધાન તિવારી, બાબુ કાના, વિનય કંથારિયા, કિરણ સેલરની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૪૪૮૦ કબજે કર્યા હતા. તમામ જુગારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

અમરોલી કોલેજમાં ઓશો ચેરના ઉપક્રમે મેડિટેશન વર્ગો યોજાયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્થાપિત ઓશો ચેરના નેજા હેઠળ વિદ્યાર્થીઓને ખૂબ લાભદાયી એવા મેડિટેશન એન.એલ.પી. ધ્યાન અને ન્યુરો લિંગ્વીસ્ટીક પ્રોગ્રામિંગના ખાસ વર્ગોનું તા.૧૭-૧-૨૦૧૯ થી તા.૧૯-૧-૨૦૧૯ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શ્રી ડોરીક પી. શાહના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો અને વિવિધ ધ્યાનના પ્રયોગો કર્યા. આ કાર્યક્રમનું સંચાલન લેફ્ટનન્ટ ડૉ. પુનિતાબેન અગ્રવાલ, પ્રા. અજીતભાઈ નાયક, પ્રિ. ડૉ.કે.એન. ચાવડા અમરોલી કોલેજ અને અમરોલી કોલેજ પરિવારના સમગ્ર શૈક્ષણિક અને વહીવટી દ્વારા કરવામાં આવ્યું હતું.

જુગારના રોકડા રૂપિયા ૧૬,૪૦૦/- તથા મોબાઈલ તથા રિક્ષા મળી કુલ રૂપિયા ૮૫,૪૦૦/- નો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી આમોદ પોલીસ



પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી.જુગારની અસામાજીક પ્રવૃત્તી ચલાવતા ઈસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની સુચના આધારે નાયબ પોલીસ અધિક્ષક અશોકસિંહ ગોહિલ સાહેબ જંબુસર વિભાગના માર્ગદર્શન મુજબ કે.એ.ચૌધરી પો.સબ.ઈન્સ આમોદ પોલીસ સ્ટેશનનાઓની બાતમી આધારે કેરવાડા પટેલ ફળિયામાં,ઈમ્તિયાઝ મહમંદ પઠાણના મકાનમાં જુગાર અંગે રેઈડ કરવા માટે ના.પો.અધિ જંબુસર નાઓ પાસેથી જુગાર ધારા કલમ - ૫ મુજબનુ વોરટ મેળવી રેડ કરતાં આરોપીઓ કુલ - ૦૯ તથા જુગારના રોકડા રૂપિયા ૧૬,૪૦૦/- તેમજ જુગારના સાધનો મળી કુલ રૂપિયા ૮૫,૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા તમામ આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ - ૪.૫ મુજબ કાયદેસરની કાર્યવાહી હાય ધરવામાં આવેલ છે.

ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પકડી ગણનાપાત્ર કેશ શોધી કાઢતી પોલીસ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી જીલ્લામા પ્રોડી/જુગારની અસામાજીક પ્રવૃત્તી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક લગધીરસિંહ ઝાલા અંકલેશ્વર ડીવીઝન તથા પોલીસ ઈન્સપેકટર ઝેડ.એન.ઘાસુરા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વાલીયા પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી અને જુગારની પ્રવૃતિ સદંતર નાબુદ કરવાના ભાગ રૂપે પો.સ.ઈ. બી.એસ. ગામીત નાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકિકત મળેલ જે આધારે મોજે લુણા તથા કોસમાડી ગામની વચ્ચે આવેલ ગરેડ પાસે આવેલ અવાવરૂ ઝાડી ઝાખરા માથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો કુલ્લે નંગ - ૩૬૦૦ કુલ્લે કિ.રૂ. ૩,૯૩,૬૦૦/- નો ગે.કા.નો દારૂ પકડી પાડેલ છે અને મુદ્દામાલ મંગાવનાર - જગદિશ ઉર્ફે જગો રવિયાભાઈ વસાવા રહે.લુણા તા.વાલીયા જી.ભરૂચ નાઓને વોન્ટેડ જાહેર કરેલ છે. જે બાબતે વાલીયા પો.સ્ટે. ગુનો રજી કરી કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરવામા આવેલ છે.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"

ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.

"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭


3000/- Rebonding Smoothing & straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.


SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270


THICKSHAKE
-NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ
Extra Ordinary Flavours of
51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004